# યુસુફે ઝહેરા

# ઈમામે મહદી (અ.સ.)

## ભાગ : ૭

૧. સલવાત અને ખુશ્બુ

૨. માછલી પર આગે અસર ન કરી..

૩. સલવાતનો સવાબ...

૪. કર્ઝની અદાયગી...

૫. સલવાતની બરકતથી શિફા...

૬. મધની મિઠાશ...

૭. મૌતનાં વખતે આસાની ...

૮. સલવાત પઢનાર માટે ફરિશ્તાઓ ઇસ્તીગ્ફાર કરે છે...

૯. જન્નતમાં એક વૃક્ષ...

૧૦. પુલે સિરાત...

૧૧. ખોવાયેલી અંગુઠી પરત મળી ...

૧૨. ૧૦ વખત ઇ.ઝમાના (અ.સ.) ઉપર સલવાત પઢી...

૧૩. એક સલવાત ૧૦૦૦૦ સલવાતની બરાબર...

૧૪. સલવાતની બરકતથી ભૂલાએલી ચીજ ફરી યાદ આવી જાય છે

૧૫. સલવાતની બરકતથી નેઅમત મળી...

૧૬. સલવાતની બરકતથી અઝાબથી મુકતી...

૧૭. સલવાતની ફઝીલતથી અઝાબથી નજાત...

૧૮. સલવાત અને મુર્દાઓ પરથી અઝાબ દૂર થયો...

૧૯. હુરૂલઐન સાથે શાદી કરવાની મહેર...

૨૦. જહન્નમમાંથી નજાત...

૨૧. બરઝખ માટે બેહતરીન અમલ...

૨૨. ગરીબી દૂર કરવા માટે...

૨૩. સલવાત તર્ક કરનારની સજા...

૨૪. સલવાતનો સવાબ...

૨૫. સલવાતના આમાલ...

૨૬. ૧૨૦૦૦ વખત કુર્આને મજીદ...

૨૭. સલવાત અને દુઆ...

૨૮. સલવાત અને શફાઅત...

૨૯. સલવાતનું લખવુ અને નજાત...

૩૦. સલવાત અને સીતેર રકાત નમાઝ...

૩૧. એક અજીબ કબુતર...

૩૨. સલવાતની બરકતથી ખઝાનો મળ્યો...

૩૩. તકવા...

૩૪. સલવાત પઢવાના ફાયદા...

૩૫. .

૩૬. .

૩૭. અઉઝો બિલ્લાહનો સવાબ...

૩૮. નમાઝે શબ અને બાગે જન્નત...

૩૯. સવાબે વુઝુઅ અને વુઝુના ફાયદા...

૪૦. કોઇ નાનકડી વાતને પણ હકીર ન સમજો...

૪૧. તૌબા કરવાનો અમલ...

૪૨. જૂઠાઓ પર સખત અઝાબ ...

૪૩. કર્ઝ અદા કરો...

૪૪. પાંચ સમુહ અને જહન્નમનો અઝાબ...

૪૫. બાકેયાતુસ્સાલેહાત (અનંત નેકી)...

૪૬. અસહય અઝાબ...

# પ્રકરણ - ૧

## ''સલવાત અને ખુશ્બુ''

રસુલે ખુદા સ.અ.વ. એ ફરમાવ્યું કે મારા ઉપર વધુને વધુ સલવાત મોકલો, મારા ઉપર સલવાત મોકલવાની બરકતથી સલવાત મોકલનારનાં માટે એક નુર કબ્રમાં અને એક નુર પૂલે-સીરાત ઉપર,અને એક નૂર જન્નતમાં હોય છે.

(આસારે બરકાતે સલવાત પે.૧૪૩)

આયતુલ્લાહ ગુલપયગાનીના જમાઇ મૌલાના મોહક્કીક બયાન કરે છે, કે મરહુમ મુલ્લા અલી હમદાની કહે છે, એક દિવસ એક વૃધ્ધ શખ્સ ખુમ્સના હિસાબ માટે મારી પાસે આવ્યા. મેં મહેસુસ કર્યુ કે તેની પાસેથી ખુશ્બુ આવી રહી છે, કે આ પહેલા આ પ્રકારની ખુશ્બુ મે કયારેય સુંધી ન હતી. મે તે વૃધ્ધ શખ્સને પૂછયુ કે તમે કયુ અત્તર લગાડયું છે? તેણે કહયુ: આ બાબતનો એક વાકેઓ છે કે જેને મેં હજુ સુધી કોઇને નથી બતાવ્યો, પરંતુ કારણકે આપ અમારા મૌલાના છો, તેથી આપની સામે બયાન કરૂ છુ. મેં એક રાતે ખ્વાબમાં રસુલેખુદા (સ.અ.વ)ની હાજરીમાં પોતાને જોયો. આપ (સ.)બેઠા હતા અને આજુબાજુ લગભગ ૧૦-૨૦ માણસો બેઠા હતા. હું પણ તે બેઠકમાં હતો.

આપ હઝરત (સ.અ.વ.) એ ફરમાવ્યું તમારામાંથી કોણ મારા ઉપર વધારે સલવાત મોકલે છે? હું કહેવા માંગતો હતો કે હું વધારે સલવાત પઢુ છું, પરંતુ ખામોશ રહી ગયો. આપ હઝરત (સ.) એ બીજીવાર પૂછયું,પરંતુ કોઇએ જવાબ ન આપ્યો ત્રીજી વાર પૂછયુ પણ હું ખામોશ રહયો, વિચાર્યુ કે કદાચ બીજુ કોઇ મારાથી વધારે સલવાત મોકલતું હોય.

પછી આપ હઝરત (સ.) ઉભા થયા અને મને ફરમાવ્યું કે તમે મારા ઉપર સૌથી વધારે સલવાત મોકલો છો અને પછી આપ (સ.) એ મારા હાથોને ચુમી લીધા (પછી તે દિવસથી આ ખુશ્બુ આવી રહી છે.)

(દાસ્તનહાયે સલવાત પેજ :૭૯)

સલવાત પઢવી અને ફૂલને સુંધવુ :-

માલિકે જોહની બયાન કરે છે. મેં એક દિવસ એક ફુલ હ.ઇ.સાદિક અ.સ.ને આપ્યુ આપ (અ.) એ ફુલને લીધુ અને સુંઘ્યુ અને બંને આંખોથી મસ કર્યુ. પછી ફરમાવ્યું જે શખ્સ ફુલને લઇને સુંધે છે, અને આંખોથી લગાવીને ક્હે છે, તો ફુલને જમીન પર રાખે તે પહેલા તેના તમામ ગુનાહોને બક્ષી દેવામાં આવે છે.

## પ્રકરણ - ૨

## ''માછલી પર આગે અસર ન કરી..''

''ગુનાહોને ખત્મ કરવા માટે સલવાત મોકલવી પાણીથી આગને બુઝાવવા કરતા વધારે બહેતર છે.'' મૌલાએ કાએનાત અલી અ.સ.

(સવાબુલ આઅમાલ વ એકાબુલ આઅમાલ પેજઃ ૧૮૪).

એક દિવસ એક શખ્સ બજારમાંથી માછલી ખરીદીને ઘરે લાવ્યો અને પોતાની પત્નિને આપી કે જમવાનું તૈયાર કરે પત્નિએ આગ સળગાવી અને માછલીને આગ ઉપર રાખી દીધી. તેણે ઘણીવાર સુધી રાહ જોઇ પરંતુ માછલી પાકી નહિ અને આગે માછલી ઉપર કોઇ અસર ન કરી. બંનેને ખુબજ આશ્ચર્ય થયું કે આ માછલી પાકતી કેમ નથી બંને રસુલે ખુદા (સ.અ.વ.) ની ખિદમતમાં હાઝર થયા. અને પુરો વાકેઓ બયાન કર્યો.

હઝરત (સ.અ.વ.) એ માછલીને ફરમાવ્યું આગ તારા ઉપર કેમ અસર નથી કરતી?માછલી : (અલ્લાહની રજાથી બોલવા લાગી અને કહ્યું : યા રસુલલ્લાહ (સ.અ.વ.) આપના ઝિક્રે મુબારકના કારણે આ આગ મારા ઉપર અસર નથી કરતી. રસુલે ખુદા (સ.અ.વ.) હું ફલાણા દરિયામાં રહતી હતી હુ એક દિવસ તેમા તરી રહી હતી કે એક બહુજ મોટી કિશ્તી ત્યાંથી પસાર થઇ અને હુ તેની પાસે હતી કે તે કિશ્તી માંથી એક મુસાફરે આપ અને આપની અહેલેબૈત પર સલવાત મોકલી જયારે મેં આ સલવાતનો અવાજ સાંભળ્યો તો હું બહુજ ખુશ થઇ ગઇ પછી હું પણ કહેવા લાગી.

તે વખતે મને એક અવાજ સંભળાયો,અય માછલી તારૂ શરીર આગ પર હરામ થઇ ગયું છે. આ કારણે આગ મારા ઉપર અસર નથી કરી રહી. (ખઝીનનુલ જવાહર પે.પ૮૬,દાસ્તાનહાયે સલવાત પે.ર૩)

રસુલે ખુદા (સ.અ.વ.) જે શખ્સ મારા ઉપર એક વખત સલવાત મોકલે છે તો ખુદા તેના ઉપર ર વખત સલવાત મોકલે છે અને તેની ૧૦ ખતાઓ (ગુનાહો) ને માફ કરે છે. અને તેનો દરજજો દસ ગણો બલંદ કરે છે. અલ્લાહુમ્મ સલ્લેઅલા મોહમ્મદીવ વઆલે મોહમ્મદ

## પ્રકરણ - ૩

## ‘‘સલવાતનો સવાબ...’’

આસમાનમાં એક દરિયોછે કે જેને બરકતોનો દરિયો કહે છે અને તે દરિયાના કિનારે એક વૃક્ષ છે. કે જેને દરખ્તે તહીય્યાત કહે છે. તે દરખ્ત ઉપર એક પક્ષીનું રેહઠાણ છે. જયારે માહે શાઅબાનમાં કોઇ મોમીન રસુલે ખુદા (સ.) પર સલવાત મોકલે છે, તો ખુદાવંદે આલમ તે પક્ષીને હુકમ કરે છે કે તે દરિયામાં ડુબકી લગાવે અને પછી બહાર આવીને પોતાની પાંખોને ફફડાવે. પછી દરેક તે ટીપા જે તે પક્ષીના શરીરમાંથી ટપકે છે, તેનાથી અલ્લાહ ત.એક એક ફરિશ્તો પૈદા કરે છે. અને તે બધા ફરિશ્તા ખુદાવંદે આલમની તકદીસ અને હમ્દો સના કરે છે. અને તેનો સવાબ સલવાત પઢનારનાં નામએ આમાલમાં લખી દેવામાં આવે છે. રિવાયતમાં છે, કે ‘‘માહે શાબાનમાં એક વખત સલવાત પઢવી બીજા મહિનાઓમાં દસ વખત સલવાત મોકલવા બરાબર છે.’’(આસારે બરકાતે સલવાત પે.૧૦૯).

‘‘કોઇ દુઆ આસમાન સુધી નથી પહોંચતી પરંતુ એ કે દુઆ કરનાર મોહમ્મદ અને આલે મોહમ્મદ (અ.મુ.સ.) ઉપર સલવાત મોકલે. (મીઝાનુલ હિકમહ સલવાત).

# પ્રકરણ - ૪

## ''કર્ઝની અદાયગી...''

એક ઝાહિદ અને પરહેઝગાર શખ્સ ઉપર ૫૦૦ દિરહમનું કર્ઝ હતું. તેણે હ.રસુલે ખુદા (સ.અ.વ.)ને ખ્વાબમાં જોયા કે આપ હઝરત (સ.અ.વ.) એ તેને ફરમાવ્યુઃ- અબુલ હસન કસાનીની પાસે જાવ. તે નિશાપુરના મશહુર લોકોમાંથી છે. તે દર વર્ષે ૧૦,૦૦૦ લોકોને લિબાસ અતા કરે છે. તેને કેહજો કે રસુલે ખુદા (સ.અ.વ.) એ તેને સલામ કીધા છે, અને ફરમાવ્યું છે કે મારૂ ૫૦૦ દિરહમનુ  કર્ઝ અદા કરી દયો અને અગર તે કોઇ નિશાની માંગે તો કહેજે કે તમે આપ હઝરત (સ.અ.વ.) પર દરેક રાતે ૧૦૦ વખત સલવાત મોકલો છો અને ર રાત થઇ ગઇ છે કે તમે ભૂલી ગયા છો.

ઝાહિદ શખ્સે અબુલ હસનની પાસે જઇને સ્વપ્ન બયાન કર્યુ. તેણે કોઇ ખાસ ઘ્યાન ન આપ્યુ ઝાહિદે કહયુઃ- મને રસુલે ખુદાએ આપની પાસે મોકલ્યો છે અને આ નિશાની બતાવી છે. જેવી નિશાની બતાવી કે તેણે
આ નિશાની સાંભળી એટલે તરત જ અબુલ હસન તખ્ત પરથી નીચે ઉતરી આવ્યા અને સજદએ શુક્ર કર્યો અને કીધુ આ મારી અને અલ્લાહની વચ્ચે એક રાઝ હતુ કે જેની કોઇને પણ ખબર ન હતી અને ઇત્તેફાકથી ર રાત્રી થઇગઇ છે કે મને સલવાત પડવાની તૌફીક નથી થઇ.

પછી તેના હુકમથી ર૫૦૦ દિરહમ તે ઝાહિદને આપવામાં આવ્યા પછી તેણે કહયુ ૧૦૦૦ દિરહમ તે ખુશખબરી માટે કે જે તેણે સંભળાવી અને ૧૦૦૦ દિરહમ તે તકલીફ માટે કે આપ મારી પાસે આવ્યા અને ૫૦૦ દિરહમ રસુલેખુદા (સ.)ની ઇતાઅત કરવા માટે અને કીધુ કે જયારે પણ કોઇ ચીજની જરૂરત હોય તો મારી પાસે આવી જજો. (કાખ નશીતાને બહીશત પે.૩૧૭)

રસુલેખુદા (સ.અ.વ.) ''જે શખ્સ દરરોજ મારા ઉપર ૧૦૦ વખત સલવાત મોકલે છે, તો તે ત્યાં સુધી દુનિયામાંથી નથી જતો, જયાં સુધી પોતાની જગ્યા જન્નતમાં ન જોઇ લેય'' (ફઝીલતે સલવાત પે.૧૪)

## પ્રકરણ - ૫

## ''સલવાતની બરકતથી શિફા...''

એક ઔરતે પોતાના અંધ ફરઝંદ માટે રસુલે ખુદા (સ.અ.વ.)થી શીફાની દુઆ માંગી. આપ હઝરત (સ.અ.વ.)એ ફરમાવ્યું મારા ઉપર વધારેમાં વધારે સલવાત મોકલો.

તે ઔરત પાછી ફરી અને પગલે પગલે સલવાત મોકલવા લાગી. પછી જેવી તે ઘરે પહોંચી તો તેણે જોયુ કે તેનો ફરઝંદ સારો થઇ ચૂકયો છે. તેણી હઝરત રસુલે ખુદાની (સ.અ.વ.)ની ખિદમતમાં આવી અને પોતાના દીકરાના સાજા થઇ જવાની જાણ કરી. આ સાંભળીને હાઝેરીને મજલીસ બહુજ ખુશ થયા જ.જીબ્રઇલ નાઝિલ થયા અને કહયુ કે ખુદાવંદે આલમ ફરમાવે છે. અય પૈગમ્બર (સ.અ.વ.) મે તમારી ઉપર અને તમારી આલ ઉપર સલવાત મોકવાની બરકતને લીધે તે છોકરાને તંદુરસ્તી આપી અને કયામતમાં તમારી ઉપર સલવાત મોકલવાની બરકતથી ઉમ્મતના ગુનાહ બક્ષી આપીશ.(કાખ નશીનાને બેહીશ્ત-પે.૩૧૭)

ઇ.સાદીક (અ.સ.) ફરમાવે છે. ''જે શખ્સ નમાઝે ઝોહર બાદ જુમ્આના દિવસે આ રીતે ૩ વખત સલવાત મોકલે, અલ્લાહુમ્મ ઇજઅલ્ સલવાતેક વ સલવાતે મલાએકતેક વ રોસોલેક અલા મોહમ્મદીવ્ વ આલે મોહમ્મદ તો તે બીજા જુમ્આ સુધી અમનો અમાન(સલામતી)માં રહશે.'' (આસારે બરકાતે સલવાત પે.૧૦૭)

## પ્રકરણ - ૬

## ''મધની મિઠાશ...''

એક દિવસ રસુલે ખુદા (સ.અ.વ.) અને હ.અલી (અ.સ.) ખજુરના વૃક્ષોની વચ્ચે બેઠા હતા. એવામાં મધમાખીએ પૈગમ્બર (સ.)નો તવાફ કરવો શરૂ કરી દીધો. આપ (સ.)એ ફરમાવ્યું યા અલી! શું આપને માલુમ છે કે આ મધમાખી શું કહી રહી છે? હ.અલી અ.સ. એ કહ્યું આપ બહેતર જાણો છો. પૈગમ્બર (સ.અ.વ.) એ કહ્યું, મધમાખીએ આજે આપણી દાવત કરી છે. તે કહી રહી છે કે મે થોડુક મધ ફલાણી જગ્યાએ રાખી દીધુ છે હ.અલી અ.સ.ને મોકલો કે જેથી ત્યાંથી મધ લઇ જાય.

હ.અલી અ.સ. ઉભા થયા અને ત્યાંથી મધ લઇ આવ્યા રસુલે ખુદા (સ.અ.વ.)એ પુછયું અય મધમાખી તમારો ખોરાક ફુલના અંકુર જે કડવા હોય છે. તો પછી કઇ રીતે તે અંકુર મીઠા મધમાં બદલાઇ જાય છે?મધમાખીએ કહ્યું, યા રસુલલ્લાહ (સ.અ.વ.) આ મધમાં મીઠાશ આપ અને આપની આલના મુકદ્દસ ઝિક્રનાં લીધે છે. કારણકે જયારે અમે અંકુરોનો ઉપયોગ કરીએ છીએ, તો તે સમયે અમારી પર ઇલ્હામ થાય છે કે આપ પર ૩ વાર સલવાત પડીએ અને અમે કહીએ છીએ.

આપ ઉપર સલવાત મોકલવાની બરકતને લીધે અમારા મધમાં મીઠાશ આવી જાય છે. (ખઝીનતુલ જવાહીર - પે.પ૮૬)

રસુલેખુદા (સ.અ.વ.) ફરમાવે છે. સલવાત પઢવાથી (૧) હાજતો પુરી થાય (૨) અલ્લાહ રાજી અને ખુશ થાય (૩) આમાલો પાકો -પાકીઝા થાય (જમાલુલ ઉસ્બુ પે.૨૪૨)

અલ્લાહુમ્મ સલ્લેઅલા મોહમ્મદીવ વઆલે મોહમ્મદ

# પ્રકરણ - ૭

## ''મૌતનાં વખતે આસાની ...''

એક નેક વ્યકિત બિમારની અયાદત માટે ગયા. જીંદગીની આખરી પળો પસાર થઇ રહી હતી.

મે તેને કહયુ કે અય મારા દોસ્ત શું સકરાતના સમયે તકલીફ થાય છે? બિમારે જવાબ આપ્યો, મને નેકી અને ભલાઇ સિવાય કશુ જ નજર આવતુ નથી. કોઇ પણ પ્રકારની તકલીફ બિલ્કુલ મહેસુસ થતી નથી. તે નેક આદમી આશ્ચર્ય કરવા લાગ્યો કારણકે તે જાણતો હતો કે જાન નીકળતી વખતે બહુજ તકલીફ થાય છે. બિમાર શખ્સે તેને આશ્ચર્યની હાલતમાં જોયો તો કહયુ, નવાઇ ન પામો કારણકે મેં પૈગમ્બરે ઇસ્લામ (સ.અ.વ.)ની એક હદીસમાં સાંભળ્યુ છે કે આપે ફરમાવ્યું ''જે શખ્સ મારા ઉપર વધારે સલવાત મોકલશે, તે જીવ નીકળતી વખતની તકલીફ અને કડવાટથી અમાનમાં રહેશે .''

બસ પછીતો હંમેશા હું સલવાત મોકલવા લાગ્યો અને મેં બહુજ વધારે સલવાત મોકલી છે અને હવે તમે સકરાતની હાલતમાં પણ મારા સુકુન અને શાંતિની હાલતનું કારણ સમજી ગયા.(દાસ્તનહાયે સલવાત પે.૭૩).

''જે શખ્સ ૧૦૦ વખત આ રીતે સલવાત પઢે યા રબ્બે સલ્લે અલા મોહમ્મદીવ્ વ આલે મોહમ્મદ તો ખુદાવંદે આલમ તેની ૧૦૦ હાજતોને પુરી કરશે'' (ઇ.સાદીક અ.સ.) (ઉસુલે કાફી ભા-૪ પે.૨૫૦)

## પ્રકરણ - ૮

## ‘‘સલવાત પઢનાર માટે ફરિશ્તાઓ ઈસ્તીગ્ફાર કરે છે...’’

રસુલેખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું,ખુદાએ એક એવો ફરિશ્તાને પૈદા કર્યા છે, કે જેના બે હાથ છે, એક પશ્ચિમમાં અને બીજો પૂર્વમાં,તેના પગો જમીનના સાતમા તબકામાં છે, અને તેનું માથુ અર્શની નીચે છે. તમામ મખ્લુક જીન્નાત અને ઇન્સાન, જંગલના અને દરિયાના જાનવરો અને શ્વાસોશ્વાસ અને વરસાદના ટીપાઓ અને વૃક્ષોના પાંદડાઓ અને આસ્માનના જેટલી તે ફરિશ્તાની પાંખો છે. મારી ઉમ્મતમાંથી જયારે કોઇ શખ્સ મારા ઉપર સલવાત મોકલે છે,તો ખુદાવંદ તઆલા તેને હુકમ કરે છે કે અર્શની નીચે નહેર છે, તેમાં ડૂબકી લગાવે અને બહાર આવી જાય અને પોતાને હલાવે પછી તેની દરેક પાંખમાંથી ટીપા પડે છે. અને ખુદા તે ટીપાને ફરિશ્તા બનાવી દેય છે, પછી તે તમામ ફરિશ્તાઓને હુકમ આપે છે, કે કયામત સુધી તે બંદા માટે ઈસ્તિગ્ફાર કરે. (શરહે ફઝાએલે સલવાત પે.૫૩)

રસુલેખુદા સ.અ.વ. એ ફરમાવ્યું,‘‘બે શખ્સ જે એકબીજાના દોસ્ત હોય અને ખુદાના માટે આપસમાં મુસાફેહો કરે અને મારા ઉપર સલવાત મોકલે તો તેના પહેલા કે બંને એક બીજાથી જુદા થાય ખુદાવંદે આલમ તેમના ગુનાહોને માફ કરી દેય છે.’’(ફઝાએલે સલવાત પે.૧૧૨)

## પ્રકરણ - ૯

## ‘‘જન્નતમાં એક વૃક્ષ...’’

રસુલેખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું

‘‘જન્નતમાં એક વૃક્ષ છે જેને મહેબુબ કહે છે. તેનું ફળ દાડમથી નાનુ અને સફરજનથી મોટુ છે. દૂધથી વધારે સફેદ અને મધથી વધારે મીઠું અને મશ્કથી વધારે નરમ અને મુલાયમ છે. અને તે ફળને ફકત તે શખ્સ ખાઇ શકે છે, જે દરરોજ અને હંમેશા પઢે છે.’’ (આસારે બરકાતે સલવાત પે.૧૫૫)

ઇ.સાદીક (અ.સ.) ‘‘જે શખ્સ ખુલુસ નિય્યતથી એક વખત રસુલ (સ.અ.વ) અને તેની આલ ઉપર સલવાત પઢશે, ખુદાવંદે આલમ તેની ૧૦૦ હાજતોને પુરી કરશે, ૩૦ દુનિયાની અને ૭૦ આખેરતની’’.(બેહાર ભાગ -૯૪ , પે.૭૦)

અલ્લાહુમ્મ સલ્લેઅલા મોહમ્મદીવ વઆલે મોહમ્મદ

## પ્રકરણ - ૧૦

## ‘‘પુલે સિરાત...’’

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું,ગઇ રાતે મે મારી ઉમ્મતના એક શખ્સને જોયો, જે પુલે સિરાતથી પસાર થઇ રહયો હતો અને પગલે પગલે પડી જતો હતો. એવામાં મે જોયું કે જે સલવાત તેણે મારા ઉપર મોકલી હતી, તેની બરકતથી એક શખ્સ આવ્યો અને તેનો હાથ પકડીને સલામતી સાથે તેને પુલે સિરાતથી પસાર કરાવી દીધો.(આસારે બરકાતે સલવાત પે.૧૩૧)

રસુલેખુદા (સ.અ.વ.) ‘‘જે શખ્સ કોઇ કિતાબ યા લખાણમાં મારા માટે સલવાત લખે છે, તો જયાં સુધી મારૂ નામ આ કિતાબમાં રહશે, ફરિશ્તાઓ ખુદાવંદે તઆલાની બારગાહમાં તેના માટે દુઆ અને ઇસ્તીગ્ફાર કરતા રહશે.’’ (સફીનતુલ બેહાર ભાગ ૨ / પેજ.૫૦)

## પ્રકરણ - ૧૧

## ''ખોવાયેલી અંગુઠી પરત મળી ...''

હુજજતુલ ઇસ્લામ મૌલાના સૈયદ હસન સાહેબ નજફી બયાન કરે છે. ઘણા વર્ષ પહેલા મેં તેહરાનની સફર કરી. પાછા ફરતી વખતે મારૂ ઘ્યાન ગયુ કે તે અંગુઠી કે જે મને બહુજ વધારે પસંદ હતી, તે ખોવાઇ ગઇ. લગભગ ૧૭ દિવસ સુધી મેં તેને ઘણી બધી તલાશ કરી, પરંતુ મળી નહિ. ત્યાં સુધી કે મે બીજીવાર તહેરાનની સફર કરી.

મે લગભગ ૧૫૦૦ વખત સલવાત મોકલી, વ અજજીલ ફરજહુમની સાથે. તે રાતે સલવાતની બરકતથી મેં ખ્વાબમાં જોયુ કે કોઇ કહી રહયુ છે કે તમારી અંગુઠી ફલાણી જગ્યાએ પડી છે. જયારે હું જાગ્યો ત્યારે નમાઝે સુબ્હનો સમય હતો.ઘરના સભ્યો બધા નમાઝની તૈયારી કરી રહયા હતા. મેં અંદરથી કીધુ એક શખ્સે મને ખ્વાબમાં કીધુ કે અંગુઠી ફલાણી જગ્યાએ છે, અને પછી ઘરના સભ્યો તે જગ્યાએ ગયા અને અંગુઠી મારી પાસે લઇ આવ્યા. (દાસ્તાનહાયે સલવાત પે.૮૭)

રસુલેખુદા (સ.અ.વ.) ''જે શખ્સ મારા પર દરરોજ સવાર સાંજ ૧૦-૧૦ વાર સલવાત પઢે છે, તો હું તેને તે ચીજ આપી દઉં છુ, જેની તેને જરૂરત હોય છે.''(શરહે ફઝાએલે સલવાત પે.૧૨૭)

## પ્રકરણ - ૧૨

## ‘‘૧૦ વખત ઇ.ઝમાના (અ.સ.) ઉપર સલવાત પઢી...’’

એક દિવસ જે મહત્વની વસ્તુની જરૂરત હતી, તે ખોવાઇ ગઇ બહુજ પરેશાન હતો કે ખુદાયા શું કરૂ? એવામાં મારા દિલમાં આવ્યુ કે મોહમ્મદો આલે મોહમ્મદ (અ.મુ.સ.) ઉપર સલવાત મોકલુ. મેં જલ્દીથી કીધુ ખુદાયા હું ઇમામે ઝમાના (અ.સ.) ની સલામતી માટે દસ વખત સલવાત પડીશ અને પછી તો સલવાતની બરકતથી તે જ વખતે મને તે ચીજ મળી ગઇ. (દાસ્તાનહાયે સલવાત પે.૧૦)

ઇ.સાદિક અ.સ.:- જે શખ્સ નમાઝે સુબ્હ અને નમાઝે ઝોહર બાદ સલવાત કહે,અલ્લાહુમ્મ સ્વલ્લે અલા મોહમ્મદીવ વ આલે મોહમ્મદ વ અજજીલ ફરજહુમ, તો તે ત્યાં સુધી નહી મરશે જયાં સુધી ઇ.મહદી (અ.સ.) નો દીદાર અને મુલાકાત ન કરી લેય.(સફીનતુલ બેહાર ભાગ ૨ પે.૫૦)

## પ્રકરણ - ૧૩

## ‘‘એક સલવાત ૧૦૦૦૦ સલવાતની બરાબર...’’

એક શખ્સ મહેમુદ સબકતૈનની પાસે ગયો અને તેને કહયુ, ઘણા સમયથી ઇચ્છતો હતો કે ખ્વાબમાં રસુલેખુદા સ.અ.વ.ની ઝિયારતનો શરફ હાંસિલ કરૂ અને આપ હઝરત (સ.)થી દર્દે દિલ બયાન કરૂ, જેથી આપ હઝરત (સ.અ.વ.) મારી મદદ કરે.

ગઇ રાત્રીએ મને આ ખુશનસીબી હાંસિલ થઇ અને મેં હઝરત (સ.અ.વ.)ના દીદારે મુબારકનો શરફ હાંસિલ કર્યો અને અરજ કરી યા રસુલલ્લાહ (સ.અ.વ.) ૧૦૦૦ દિરહમનો મકરૂઝ છુ. અને ચુકવી નથી શકતો. મને બીક છે, કે કયાક મૌત આવી જાય અને આ કર્ઝ મારી ઉપર બાકી રહી જાય. હઝરત (સ.અ.વ.) એ ફરમાવ્યું મહેમુદની પાસ`જાવ અને તેની પાસેથી પોતાની રકમ લઇ લ્યો. મેં કીધુ - શકય છે કે તેમને મારી વાત પર યકીન ન આવે અને તે મારાથી નિશાની પૂછે આપ (સ.અ.વ.) એ કહ્યું, તેને કહેજો કે નિશાની એ છે કે તે મારા ઉપર રાત્રીની શરૂઆતમાં ૩૦,૦૦૦ વખત અને રાત્રીના અંતમાં ૩૦,૦૦૦ વખત સલવાત મોકલે છે.

મહેમુદ બાદશાહ આ ખ્વાબ સાંભળીને રોવા લાગ્યો અને તેની વાતને માની લીધી અને કર્ઝ ચુકવી દીધુ. ઉપરાંત ૧૦૦૦ દિરહમ આપ્યા બાદશાહની આજુ બાજુ બેઠવાવાળા લોકો આશ્ચર્ય કરવા લાગ્યા અને તેઓએ કહયુ કે અય બાદશાહ સલામત તમે આ શખ્સની વાતોને કેવી રીતે સાચી માની. જયારે કે અમે રાતની શરૂઆતમાં અને અંતમાં આપની સાથે રહીએ છીએ પરંતુ અમે આપને સલવાત પઢતા નથી જોયા અને અગર કોઇ શખ્સ સલવાત પઢવામાં મશ્ગુલ થાય તો પણ ૬૦,૦૦૦ વખત સલવાત નથી પઢી શકતો.

મહેમુદ બાદશાહે કીધુ,મેં આલીમોથી સાંભળ્યુ છે કે જે શખ્સ ૧ વખત આ સલવાતને પઢશે તો એવુ છે કે જાણે તેણે ૧૦,૦૦૦ વખત સલવાત પઢી હોય અને હું ૩ વખત રાતની શરૂઆતમાં અને ૩ વખત રાતના અંતમાં આ સલવાત પઢુ છુ. બસ આ શખ્સ જે હઝરત (સ.અ.વ.)નો પૈગામ લઇને આવ્યો છે. તે સાચુ કહી રહયો છે. અને મારા આ આંસુ ખુશીના છે અને તે સલવાત આ રીતે છે.

અલ્લાહુમ્મ સ્વલ્લે અલા સય્યદેના નબીય્યેના મોહમ્મદી વ્વ આલેહી, મખ્તુલેફલ મલવાન વ તઆકોબીલ્ અસ્રાને વકર્રલ જદીદાને વસ્તકબલલ્ ફરકદાને વ બલ્લીગ રૂહહુ વ અરવાહે વ અહલે બય્તેહી મીન્ની તહીય્યતે વસ્સલામ (ફઝાએલે સલવાત વ મુશ્કેલાત કાહલ પે.૩૧,૩૨)

## પ્રકરણ - ૧૪

## ''સલવાતની બરકતથી ભૂલાએલી ચીજ ફરી યાદ આવી જાય છે....''

એક દિવસ જ.ખિઝ્રએ ઇ.હસન (અ.સ.)ને પુછ્યુ, એનું શું કારણ છે કે ઇન્સાન કોઇ ચીજને ભૂલી જાય છે, જયારે કે એ પહેલા તે તેની જીભ અને દિમાગમાં હોય છે? ઇ.હસન (અ.સ.) એ ફરમાવ્યું ઇન્સાનનું દિલ એક વાસણ છે. જેની ઉપર પર્દો પડી જાય છે. જેના લીધે ઇન્સાન ભૂલી જાય છે. પરંતુ જયારે સલવાત પઢે છે તો તેના ઉપરથી તે પડદો હટી જાય છે અને દિલ રોશન થઇ જાય છે અને ભૂલાય ગયેલી ચીજ ફરીવાર યાદ આવી જાય છે. અગર સલવાત ન પડે તો તે પર્દો મજબુત થઇ જાય છે અને દીલ કાળુ થઇ જાય છે અને તે ચીજને

ભૂલી જાય છે. રસુલેખુદા (સ.અ.વ.)'' જે શખ્સ કોઇ ચીજને ભૂલી જાય તે મારા ઉપર સલવાત મોકલે જેથી તેને તે ચીજ યાદ આવી જાય'' (દાસ્તાનહાએ સલવાત પે.૨૫).

નબી (સ.અ.વ.) ''હુ કયામતના દિવસે આઅમાલના મિઝાનની સામે રહીશ, જેના ગુનાહોનું પલ્લુ નેકીઓના પલ્લા કરતા વજનદાર હશે, તો તેણે જે સલવાત મારા ઉપર મોકલી હશે તેને લાવીશ, અને તેની નેકીઓના પલ્લામાં રાખીશ, જેથી તેની નેકીઓનું પલ્લુ ભારે થઇ જશે.(દાસ્તાનહાએ સલવાત પે.૧૩)

## પ્રકરણ - ૧૫

## ''સલવાતની બરકતથી નેઅમત મળી...''

હ.રસુલેખુદા (સ.અ.વ.)થી રિવાયત છે કે એક શખ્સ આપની ખિદમતમાં હાજીર થયો. આપ હઝરત (સ.અ.વ.) એ પૂછયું, મોહમ્મદ (સ.અ.વ.) અને અલી(અ.સ.)ની મોહબ્બત અને દોસ્તીના બારામાં તમારો અને તમારા દીનીભાઇઓનો હાલત અને અકીદો શું છે? તેણે અરજ કરી :- અમે તેઓને જીવની જેમ માનીએ છીએ.

નબી (સ.અ.વ.)એ કહ્યું,તમે ખુદાનાં દોસ્ત છો, માટે ગમ ન કરો કારણકે દુનિયાની સખ્તી અને મુશ્કેલી પસાર થઇ જશે અને ખુદા તેના બદલામાં તમને એ નેઅમત અતા કરશે, જે કોઇને આપવામાં નથી આવી. માટે તે આદમી ઘણો ખુશ થયો. તેણે સલવાત પઢવાનુ શરૂ કરી દીધુ. એક દિવસ પેલો અને બીજો તેની પાસે આવ્યો અને તેની ટીકા કરી મેહણા માર્યા. મોહમ્મદ (સ.અ.વ.)એ તને સારૂ કામ સોપી દીધુ છે! આમ કહીને તેની સાથે મશ્કરી કરવા લાગ્યા અને કહેવા લાગ્યા. સલવાત ભૂખને ખત્મ નથી કરતી.

અમુક દિવસો પછી તે બંનેએ તે શખ્સને બજારમાં જોયા અને કહેવા લાગ્યા અય શખ્સ તુ બજારમાં શું કરી રહયો છે?તેણે કહ્યુ મારી પાસે વેપાર માટે માલ નથી. મારી તિજારત સલવાત છે. તે બંને એ કહયું:- સલવાત આદમીનું પેટ ભરી દેતી નથી.તે શખ્સે કહ્યું,ખુદાની કસમ એવુ નથી, ખુદાવંદે આલમ ઇન્સાનને સખ્તી અને તકલીફોથી નજાત આપે છે. તેણે હજી આ વાકય કીધુ કે અચાનક એક શખ્સ આવ્યો કે જેના હાથમાં ૨ ખરાબ માછલીઓ હતી. પેહલા અને બીજાએ કહયું, આ માછલીઓ આ શખ્સને વેંચી દે. માછલી વેચવાવાળાએ કહયું

અચ શખ્સ મારી પાસેથી આ માછલી ખરીદી લે,તે શખ્સે ક્હ્યું મારી પાસે પૈસા નથી.પેલા અને બીજાએ કહ્યુ,  તુ ખરીદી લે પૈસા મોહમ્મદ (સ.અ.વ.) આપી દેશે. પછી તે શખ્સે માછલીઓ ખરીદી લીધી. વેચવાવાળો નબી (સ.) પાસે પહોંચ્યો અને આપ (સ.) ની પાસેથી ૧ દિરહમ લઇ લીધો.

તે મોઅમીન શખ્સ માછલી ઘરે લાવ્યો અને જયારે તેને કાપી તો પેટમાંથી ર કિંમતી મોતી નીકળ્યા કે જેની કિંમત ર૦૦ દિરહમ હતી. પહેલા અને બીજાએ  આ ખબર સાંભળી તો ખુબજ પરેશાન થયા.પછી તે શખ્સ તે કિંમતી મોતીને લઇને નબી (સ.)ની ખિદમતમાં લાવ્યો. અરબના અમુક વેપારી આવ્યા અને તેને ૪૦૦ દિરહમમાં ખરીદી લીધા. આ હઝરત (સ.) એ ફરમાવ્યું,ખુદાવંદે આલમે તેને આ નેઅમત સલવાતનાં કારણે આપી છે. (ઝીકે અસરારે આમીઝે સલવાત).

''કયામતના દિવસે મારાથી સૌથી વધુ નજદીક એ શખ્સ હશે, જે મારા ઉપર સૌથી વધારે સલવાત મોકલતો હોય''રસુલે ખુદા સ.અ.વ.

(આસારે બરકાતે સલવાત પે.૧૩૮)

## પ્રકરણ - ૧૬

## '' સલવાતની બરકતથી અઝાબથી મુકતી...''

શિબ્લીએ પોતાના મુરીદોની એક જમાતની સાથે હજ કરવાના ઇરાદાથી સફર શરૂ કરી, રસ્તામાં એક મુરીદ મૃત્યુ પામ્યો. તેનું પુરૂ શરીર આંખના પલકારામાં કાળુ થઇ ગયુ અને એક કલાકમાં પુરૂ શરીર સફેદ થઇ ગયુ. શિબ્લીને આશ્ચર્ય થયુ. જયારે સુતો તો ખ્વાબમાં તે મૃત્યુ પામનારને જોયો કે જેણે જન્નતી લિબાસ પહેરેલા હતા, અને માથા ઉપર તાજ હતો અને આંગળીમાં નૂરાની અંગુઠી હતી. જેના નંગ ઉપર લખેલુ હતુ.

શિબ્લીએ તેને પૂછયુ આ શરીર કાળુ થઇ જવુ અને પછી સફેદ થઇ જવાનુ રહસ્ય શુ છે?

તેણે કહ્યું,તે ગુનાહોની કાળાશ હતી કે મારી રૂહ નીકળી એટલે મારૂ શરીર કાળુ પડી ગયુ. પછી મે રસુલે ખુદા (સ.અ.વ.)ને જોયા કે એમના મુબારક હાથોમાં પાણીથી ભરેલો એક પ્યાલો છે. આપે તે પાણી મારી ઉપર છાંટી દીધુ અને પોતાના હાથો મુબારકથી ગુનાહોની

કાળાશને ધોઇ નાખી અને આ કપડા અને અંગુઠી અતા કરી મેં અરજ કરી :- યા રસુલેખુદા (સ.) કયા અમલના કારણે હું આ કરામતનો હકદાર થયો. આપ(સ.અ.વ.) એ કહ્યું, કારણકે તુ દુનિયામાં મારા ઉપર સલવાત મોકલવાની આદત રાખતો હતો.જેના કારણે મેં તારા ઉપર કૃપા કરી. શિબ્લી ખ્વાબમાંથી જાગ્યા અને કહયુ કે મારા ઉપર આ હકીકત સ્પષ્ટ થઇ ગઇ કે ગુનાહોની કાળાશ મોહમ્મદો આલે મોહમ્મદ પર સલવાત મોકલવાથી ખત્મ થઇ જાય છે.(આસારે બરકાતે સલવાત પે.૧૨૯).

રસુલે (સ.અ.વ.) '' જે શખ્સ જુમ્આના દિવસે ૧૦૦૦ વખત મારા ઉપર સલવાત મોકલશે તો તેના ૮૦ વર્ષનાં ગુનાહ બક્ષી દેવામાં આવશે''. (આસારે બરકાતે સલવાત પે.૧૦૬)

## પ્રકરણ - ૧૭

## ''સલવાતની ફઝીલતથી અઝાબથી નજાત...''

મૌલાના અલી અકબર કહે છે કે મૈ એક શખ્સને તવાફની હાલતમાં જોયુ કે તવાફના ઝિક્રના બદલે સલવાત પઢી રહયો છે. મે તેને આનું કારણ પુછયુ? તેણે કહ્યું, મે અહદ કર્યો છે. આ માટેનો એક વાકેઓ છે. જે દિવસે મારા પિતા ગુજરી ગયા તો તેમનો ચહેરો ગધેડા જેવો થઇ ગયો, અને ચિંતામાં હું સુઇ ગયો. ખ્વાબમાં રસુલેખુદા (સ.અ.વ.)ની હાજરીમાં હતો. મેં આપ (સ.અ.વ.)ને વિનંતી કરી કે મારા પિતાનો ચહેરો શા માટે બગડી ગયો?

નબી (સ.અ.વ.) એ કહ્યું કારણકે તારો બાપ વ્યાજ લેતો હતો. આ મહાન ગુનાહના કારણે તેનો ચહેરો બગડી ગયો પરંતુ તે નેક કામ પણ કરતો હતો.દરેક રાત્રે સુતી વખતે મારા ઉપર ૧૦૦ વખત સલવાત પઢતો હતો. માટે મેં તેના આ અઝીમ નેક અમલને કારણે તેના ચહેરાને પહેલાની સ્થિતિમાં પલટાવી દીધો છે. હું ખ્વાબમાંથી જાગ્યો અને જોયુ તો મારા પિતાનો ચહેરો ચાંદનીની જેમ રોશન છે. પછી મેં તેમને દફન કર્યા. હાતિફે ગૈબીનો અવાઝ આવ્યો. આ ઇનાયત તે ખુદાની છે, તે અરહમુર્રાહેમીન અને ગફ્ફાર છે. અને તેની બક્ષીસ તે સલવાતના કારણે થઇ છે, જે અમારા રસુલ (સ.અ.વ.) પર મોકલ્યા કરતો હતો. આથી મેં તે દિવસથી અહદ કર્યો કે જે હાલતમાં હોઇશ સલવાત પઢતો રહીશ.(ખઝીનતુલ જવાહેર પે.૫૮૯)

## પ્રકરણ - ૧૮

### ‘‘સલવાતનાં સવાબનાં હદીયાથી મુર્દાઓ પરથી અઝાબ દૂર થયો...’’

એક માં એ પોતાની દીકરીને તેના મરવા બાદ ખ્વાબમાં જોઇ કે અઝાબે ઇલાહીમાં મુબ્તેલા છે. અને ખુબ જ પરેશાન છે. તે ખ્વાબમાંથી જાગી અને રોવા લાગી થોડાક દિવસ રોતી રહી. ત્યાર પછી ફરી પોતાની દીકરીને ખ્વાબમાં જોઇ કે ખુબજ ખુશહાલ અને ફિરદૌસે બરીમાં આરામ કરી રહી હતી. માં એ આનુ કારણ પુછયુ દિકરી એ કહ્યું તે અઝાબ ગુનાહોના લીધે હતો.

આ સુકુન અને ખુશહાલીનું કારણએ છે, કે અમુક દિવસ પહેલા એક શખ્સ કબ્રસ્તાનની બાજુમાંથી પસાર થયો. તેણે અમુક સલવાતો પઢીને તેનો સવાબ કબ્રસ્તાનની મુર્દાઓની રૂહને હદીયો કરી દીધો, તો ખુદાવંદે આલમે તે સલવાતની બરકતથી કબ્રસ્તાનનો અઝાબ હટાવી લીધો, અને જે પણ કબ્રસ્તાનમાં સલવાત પઢે છે.અને તેનો સવાબ કબ્રસ્તાનની રૂહોને હદીયો કરી દે છે તો તે સલવાતની બરકતથી મુર્દાઓ પરથી અઝાબ દૂર કરવામાં આવે છે. (દાસ્તાનહા એ સલવાત પે.૭૫)

## પ્રકરણ - ૧૯

### ‘‘હુરૂલઐન સાથે શાદી કરવાની મહેર...’’

શા માટે મહેરની રકમ ૫૦૦ દિરહમ? ઇ.અલી રેઝા (અ.સ.)ને પૂછવામાં આવ્યુ કે શરીઅતમાં ઔરતોની મહેર ૫૦૦ દિરહમ નકકી કરવાનું કારણ શુ?.

ઇમામ (અ.સ.) એ કહ્યું અલ્લાહે પોતાની ઉપર વાજીબ કર્યુ છે કે જે મોમીન

૧૦૦ વાર અલ્લાહો અકબર કહે

૧૦૦ વાર સુબ્હાનલ્લાહ કહે

૧૦૦ વાર અલ્હમ્દો લિલ્લાહે કહે

૧૦૦ વાર લાએલાહ ઇલ્લલાહ કહે

૧૦૦ વાર કહે અલ્લાહુમ્મ સલ્લેઅલા મોહમ્મદીવ વઆલે મોહમ્મદ

પછી કહે કે ખુદાવંદા ! મારી શાદી હુકુલઐન સાથે કરી દે, તો ખુદા તેની શાદી હુર સાથે કરી દેશે અને આ કારણે ઔરતોની મહેર ૫૦૦ દિરહમ છે.(શરહે સલવાત પે.૧૫૫)

## પ્રકરણ - ૨૦

### ''જહન્નમમાંથી નજાત...''

શેખ મુફીદ, શેખ સદુક અને શૈખ તુસી વિગેરે ઇ.મોહમ્મદ બાકિર (અ.સ.) થી રિવાયત કરે છે કે ઇમામ અ.સ.એ ફરમાવ્યુ,અગર જહન્નમમાં ખુદાથી મદદ માંગવામાં આવે અને કહેવામાં આવે કે ખુદાયા બે હક્કે મોહમ્મદીવ વ આલે મોહમ્મદ રહેમ કર તો ખુદાવંદે આલમ તરફથી જીબ્રઇલ ઉપર વહી થશે કે મારા આ બંદાને જહન્નમની આગમાંથી બહાર કાઢો. જ.જીબ્રઇલ એ કહ્યું ખુદાયા હુ કેવી રીતે જહન્નમમાં દાખલ થઉ? ખુદાવંદે આલમ એ કહ્યું અમે આગને હુકમ કર્યો છેકે તમારા માટે ઠંડી થઇ જશે. જ.જીબ્રઇલ પૂછશે, તે બંદો કયાં છે? અલ્લાહ જવાબ આપશે, સીજજીનનાં કુવામાં. જ.જીબ્રઇલ તેની પાસે જશે અને જોશે કે તેના પગ બાંધેલા છે. તેને બહાર કાઢશે. પછી અલ્લાહ તે બંદાને ફરમાવશે કે તુ જહન્નમમાં કેટલુ રહયો?

તે કહેશે ખબર નથી. તે વખતે અલ્લાહ ઇરશાદ ફરમાવશે.મારી ઇઝઝતની અને જલાલની કસમ, અગર તુ આવી રીતે મારાથી સવાલ ન કરતે તો હું તને ઝીલ્લત અને રૂસ્વાઇની હાલતમાં જહન્નમમાં લાંબી મુદ્દત સુધી રહેવા દેત, પરંતુ મે પોતાના ઉપર લાઝિમ કરાર દીધુ છે કે જે શખ્સ મારાથી સવાલ કરશે, હું તેના એ ગુનાહોને માફ કરી દઇશ, જે તેના અને મારી વચ્ચે થયા છે. અને આજે મે તને બક્ષી દીધો છે. (શરહે સલવાત પે.૧૫૦)

## પ્રકરણ - ૨૧

### ''બરઝખ માટે બેહતરીન અમલ...''

અબુ અલકમાં બયાન કરે છે પૈગમ્બરે ઇસ્લામ (સ.અ.વ.) એ નમાઝે સુબ્હ પછી અમારી તરફ રૂખ કરીને ફરમાવ્યુ, અય મારા સહાબીઓ, ગઇ રીતે જ.હમ્ઝા અ.સ.અને જ.જાફરે તય્યાર(અ.સ.)ને મે ખ્વાબમાં જોયા. હું તે બંને બુઝુર્ગવારોની પાસે ગયો અને તેમને કહયુ, આપ ઉપર મારા માં-બાપ કુરબાન, તમે કયા અમલને સૌથી બહેતર જાણ્યો? તેઓએ કહયુ,અમારા મા-બાપ આપ પર ફીદા થાય. અમે આપ ઉપર સલવાત મોકલવા,તરસ્યાને પાણી પીવરાવવું અને હ.અલી (અ.સ.)ની મોહબ્બતને સૌથી બહેતરીન અમલ પામ્યા છીએ. (ઉસુલે કાફી વો.૪ / પે.૫૦)

## પ્રકરણ - ૨૨

## ''ગરીબી દૂર કરવા માટે...''

એક શખ્સ રસુલેખુદા (સ.અ.વ.)ની ખિદમતમાં આવ્યો અને ફકીરી અને ગરીબાઇની ફરીયાદ કરી. આપ હઝરત (સ.) જયારે પોતાના ઘરમાં દાખલ થા તો સલામ કર, પછી ઘરમાં કોઇ હોય, કે ન હોય અને મારા ઉપર દુરૂદ અને સલામ મોકલ અને તેના પછી સુ.ઇખ્લાસ (કુલ હો વલ્લાહો અહદ )પઢ. તે શખ્સે તેવી રીતે કર્યુ. થોડાક સમયમાં તેની રોજી વિશાળ થઇ ગઇ એટલી હદ સુધી કે પોતાના પડોસી અને સગા વ્હાલાઓની મદદ કરવા લાગ્યો. (આસારે બરકાતે સલવાત પે.૪૭)

## પ્રકરણ - ૨૩

## ''સલવાત તર્ક કરનારની સજા...''

સલવાત પઢવાના જે વી રીતે ખૂબજ ફાયદાઓ છે, તેવી જ રીતે બેદરકારી અને લાપરવાહીના કારણે સલવાતને તર્ક કરવાથી ઘણા નુકશાન થાય છે. રસુલ ખુદા (સ.)નું નામ લેતી વખતે સલવાત ન પઢવાવાળાને નુકસાનમાં ૯ બાબતો મુકર્રર થઇ છે.

(૧) તેના કપાળ પર બદ બખ્તીનો ડાઘ પડી જાય છે.

(૨) તે ઝલીલ અને રૂસ્વા થશે અને લોકોમાં ભરોસા પાત્ર વ્યકિત નહીં રહે.

(૩) ઇન્સાનના કંજુસ હોવાની નિશાની છે.

(૪) તે જફાકાર કહેવાશે.

(૫) બેઠક તેના માટે હસરત અને વબાલનુ કારણ બનશે.

(૬) તે જન્નતનો રસ્તો ભૂલી જશે.

(૭) આતિશે જહન્નમમાં દાખલ થવાનું કારણ સલવાત ને તર્ક કરવી છે.

(૮) ખુદાથી દૂરીનો સબબ બનશે.

(૯) મુર્કરબીનથી દૂરીનો સબબ છે. (અશરાત પે.૩૫૨)

## પ્રકરણ - ૨૪

## ''સલવાતનો સવાબ...''

(૧) રસુલેખુદા (સ.અ.વ) એ ફરમાવ્યું શબે મેઅરાજ મેં એક ફરિશ્તાને જોયો, જેના એક લાખ હાથ હતા અને દરેક હાથમાં એક લાખ આંગળીઓ હતી અને દરેક આંગળીમાં એક લાખ બોડા હતા. તે ફરિશ્તાએ કીધુ, હું વરસાદના ટીપાનો હિસાબ જાણુ છુ, કે કેટલા રણમાં અને કેટલા દરિયામાં વરસ્યા અને હુ ખિલ્કતથી લઇને અત્યાર સુધી વરસાદના ટીપાનો હિસાબ જાણુ છુ, પરંતુ એક એવો હિસાબ છે, કે જેનાથી હું આજીઝ છું. રસુલે ખુદા (સ.)એ પુછયું કે, તે કયો હિસાબ છે? તેણે અરઝ કરી,જયારે તમારી ઉમ્મત સમૂહમાં એક સાથે હોય છે, અને એક સાથે મળીને તમારા ઉપર સલવાત મોકલે છે, તો તે સલવાતના સવાબનો હિસાબ કરવાથી હું આજીઝ છું.(આસારે બરકાતે સલવાત પે.૩૦ )

(૨) કયામતમાં પ્યાસનો બંદોબસ્તઃ- ખુદાવંદે આલમે જ.મુસા અ.સ.ને વહી ફરમાવી, અય મુસા શું તમે એ વાતને પસંદ કરો છો કે તમને કયામતમાં તરસ પરેશાન ન કરે અને તમે તે દિવસે તરસ્યા ન રહો? મુસા અ.સ.એ કહયુ હા પરવરદિગાર.''અલ્લાહે ફરમાવ્યું દુનિયામાં મારા હબીબ ઉપર સલવાત મોકલતા રહો કે કાલે કયામતમાં તરસથી બચી શકો.(આસારે બરકાતે સલવાત પે.૧૫૧ )

(૩) ત્રણ પ્રકારનાં લોકો અર્શનાં છાયામાં : - ૩ પ્રકારના લોકો કયામતના દિવસે કે જે દિવસે કયાંય પણ છાંયો નહિ હોય અર્શે ઇલાહીની નીચે છાયામાં હશે. અરજ કરવામાં આવી :- યા રસુલલ્લાહ (સ.અ.વ.) તે કયા લોકો હશે? નબી (સ.અ.વ.) એ કહ્યું, એક તે કે જે મારી ઉમ્મતના લોકોના રંજો ગમ દૂર કરશે, બીજો એ કે જે મારી સુન્નત અને સીરતને જીવંત રાખશે અને ત્રીજો એ કે જે મારા ઉપર વધારે સલવાત મોકલશે.(આસારે બરકાતે સલવાત પે.૧૩૯)

(૪) જે શખ્સ મારા ઉપર વધારે સલવાત મોકલે છે તે મૌતની સખ્તી અને રૂહ નીકળી વખતની તકલીફથી સલામત રહશે અને જે શખ્સ કહે .....

અલ્લાહુમ્મ સલ્લેઅલા મોહમ્મદીવ વઆલે મોહમ્મદ

તો ખુદાવંદે આલમ તેને ૭૨શહીદોનો સવાબ આપશે અને તે ગુનાહોથી એવી રીતે પાક થઇ જશે, જાણે મા ના પેટમાંથી જન્મતી વખતે બહાર આવ્યો હોય (તે રીતે) (ફઝીલતે સલવાત પે.૧૧૪)

## પ્રકરણ - ૨૫

## ''સલવાતના આમાલ...''

(૧) રસુલે ખુદા (સ.અ.વ.)ને સ્વપનમાં જોવાનો એક ઝરીઓએ છે કે આપ (સ.અ.વ.) ઉપર હંમેશા બાવુઝુ આ રીતે સલવાત મોકલે અલ્લાહુમ્મ સલ્લેઅલા મોહમ્મદીવ વ આલેહી વ સલ્લમ કમા તોહીબ્બો વ તરઝા(દારૂસ્સલામ ભાગ ૩ /પે.૬)

(૨) ૭૮૬ વખત બીસ્મીલ્લાહીર રહમાનીર રહીમ પઢે,પછી ૧૩૩ વખત સલવાત પઢે, ઇ.અ.હાજત પુરી થશે. (હદીએ ખુદા પે.૧૩૫)

(૩) ઇઝઝત મેળવવા દરરોજ દસ વખત સલવાત મોકલે (હદીએ ખુદા પે.૧૩૫)

(૪) એ બિમારી જેનો ઇલાજ ન હોય તો રસુલે ખુદા (સ.અ.વ.) ઉપર વધુને વધુ સલવાત પઢે બહેતર છે કે આ રીતે પઢે.

અલ્લાહુમ્મ સલ્લે અલા મોહમ્મદીવ્ વ આલે મોહમ્મદ કમા બારકત અલા ઇબ્રાહીમ. (હદીયએ ખુદા પે.૧૩૬)

### પ્રકરણ - ૨૬

### ''૧૨૦૦૦ વખત કુર્આને મજીદ...''

હઝરત રસુલેખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુ,જે શખ્સ શબે જુમ્મા બે રકાત નમાઝ પઢે અને તેની દરેક રકાતમાં (સુ.હમ્દ પછી) ૫૦ વખત સુરે કુલ (સુરે અહદ) પઢે અને તેના પછી કહે, ''અલ્લાહુમ્મ સલ્લે અલન્ નબીયીલ્ અરબે વ આલેહી તો ખુદાવંદે આલમ અગાઉના અને પછીના ગુનાહોને બખ્શી આપશે અને તે એ એવુ છે,(જાણેકે) ૧૨૦૦૦ વખત કુર્આને મજીદ પુરૂ કર્યુ અને ખુદાવંદે આલમ કયામતની ભૂખ અને પ્યાસથી સલામત રાખશે, અને તેના તમામ રંજો ગમને દૂર કરી દેશે. શયતાન અને તેના લશ્કરનાં (શર)થી હિફાઝત કરશે,

મૌત તેના માટે આસાન થઇ જશે. અને અગર તે એ દિવસે અથવા એ રાતે તેને મૌત આવી જાય તો તે શહીદ મરશે. ખુદાવંદે આલમ તેનાથી અઝાબ હટાવી લેશે અને જે ચીજનો

ખુદાથી સવાલ કરશે, તે તેને આપવામાં આવશે. તેની નમાઝ અને રોઝાને કબુલ કરશે અને તેની દુઆને કબુલ કરશે. મલેકુલ મૌત તેની રૂહને ત્યાં સુધી કબ્ઝ નહીં કરે જયાં સુધી જન્નતના ફરિશ્તા જન્નતની ખુશ્બુ તેની પાસે ન લઇ આવે.(શરહે સલવાત પે.૧૫૯)

ઇ.જઅફરે સાદિક (અ.સ.) ફરમાવે છે કે જયારે બંદો કહે છે,

''અલ્લાહુમ્મ સલ્લે અલા મોહમ્મદીવ્ વ આલેહી વ અલા એહલે બયતેહી તો આ દુઆ કબુલ થાય છે, અને તેના પછી જે દુઆ માંગે તે કબુલ થાય છે.''(શરહે સલવાત પે.૧૫૩)

## પ્રકરણ - ૨૭

## ''સલવાત અને દુઆ...''

મૌલાએ કાએનાત હઝરત અલી (અ.સ.)એ ફરમાવ્યું, ઇન્સાન જયારે નમાઝ પુરી કરી લેય તો તેને જોઇએ કે તે રસુલે ખુદા (સ.અ.વ.) પર સલવાત મોકલે અને ખુદાથી જન્નતનો સવાલ કરે અને જહન્નમનાં અઝાબથી ખુદાની પનાહ માંગે, અને દુઆ કરે કે હુર સાથે નિકાહ થઇ જાય કારણકે જે પણ રસુલે ખુદા (સ.અ.વ) ઉપર સલવાત મોકલે છે, તેની દુઆ ઉપર જાય છે. અને જે ખુદાથી બેહિશ્ત (જન્નત)ની દુઆ કરે છે,તો જન્નત કહે છે, ખુદાયા! તું તારા બંદાને એ ચીજ અતા કર, જેનો તે સવાલ કરે છે. અને ખુદાથી હુરોની દુઆ કરે છે. તો તે (હુરો) કહે છે, ખુદાયા! તારા બંદાને એ ચીજ અતા કર જેની તે દુઆ કરે છે. (આસારે બરકાતે સલવાત પે.૫૦)

## પ્રકરણ - ૨૮

## ''સલવાત અને શફાઅત...''

હ.ઇમામે રઝા (અ.સ.)મે ફરમાવ્યું કે દરેક ઠેકાણે પયગમબર ઉપર દુરૂદ મોકલવું વાજીબ છે. અને હ.ઇમામે મોહમ્મદ બાકીર (અ.સ.) મે ફરમાવ્યું કે જે વખતે તું હઝરતનો ઝીકર કરે અથવા બીજો શખસ તારી પાસે હઝરતનું નામ સાંભળે તે વખતે તેઓ ઉપર દુરૂદ મોકલ, અને જયારે ખુદાએતઆલાએ હ.મુસા (અ.સ.)ને ભેદની વાતો કહી અને હ.રસુલેખુદા (સ.અ.વ.)નો ઝિકર આવ્યો તો ફરમાવ્યું કે અય ઇમરાનના ફરઝંદ તું હ.રસુલેખુદા (સ.અ.વ.) ઉપર દુરૂદ મોકલ, હું તેના ઉપર દુરૂદ મોકલું છું અને મારા ફરીશ્તા તેના ઉપર

દુરૂદ મોકલે છે, અને હ.રસુલેખુદા (સ.અ.વ.) પોતાની વસીયતમાં ફરમાવ્યું છે કે અય અલી જે કોઇ રાત્રે અથવા દીવસે મારા ઉપર દુરૂદ મોકલે તેની શફાઅત મારા ઉપર કરવી વાજીબ થઇ.

હ.ઇમામે જાઅફરે સાદીક (અ.સ.)એ ફરમાવ્યું કે જયારે હ.રસુલેખુદા (સ.અ.વ.)નો ઝિક્ર કરવામાં આવે ત્યારે તમો તેઓ ઉપર ઘણું દુરૂદ મોકલો,કેમકે જે કોઇ હ.રસુલેખુદા (સ.અ.વ.) ઉપર એક વખત દુરૂદ મોકલે છે, તેના ઉપર દુરૂદ મોકલે છે અને ખુદાની મખલુકાતમાંથી કોઇ બાકી નથી રહેતું, પણ ખુદા અને મલાએકા દુરૂદ મોકલવાથી એ સર્વે તે બંદા ઉપર દુરૂદ મોકલે છે, તો જે કોઇ એવી બાબતને ઇચ્છે નહીં તે ખરેખર જાહીલ અને મગરૂર છે તેનાથી ખુદા અને તેના ફરીશતા અને તેના રસુલ અને તેની અહલેબયત બેઝાર છે, અને જયાં સુધી હ.રસુલેખુદા (સ.અ.વ.) ઉપર દુરૂદ પડવામાં ન આવે ત્યાં સુધી દોઆ પરદામાં રહે છે.(સવાબે સલવાત)

## પ્રકરણ - ૨૯

### ''સલવાતનું લખવુ અને નજાત...''

મેરાજુશ્નબુવ્વતમાં છે કે એક શખ્સ કુફામાં લોકોની કીતાબો લખતો હતો, જયારે તે ગુજરી ગયો ત્યારે તેના એક દોસ્તે તેને સ્વપ્નામાં જોયો, તેથી પુછયું કે ભાઇ તારો અંજામ કેવો થયો? અને ખુદા તારી સાથે કેવી રીતે વર્તયો? તેણે જવાબ આપ્યો કે ખુદાએ મને ફકત એટલીજ વાત ઉપરથી બક્ષી આપ્યો કે મારી આદત હતી કે જયારે કોઇ કીતાબ લખતો અને તેમાં હ.મોહમ્મદ (સ.અ.વ.)નું નામ આવતુ ત્યારે એ હઝરત ઉપર હું સલવાત પડતો અને લખતો હતો.(સવાબે સલવાત)

## પ્રકરણ - ૩૦

## ''સલવાત અને સીતેર રકાત નમાઝ...''

મીકયાસુલ મસાબીહમાં હ.ઇમામે જાઅફરે સાદિક (અ.સ.)થી મનકુલ છે કે મોહમ્મદ અને આલે મોહમ્મદ (સ.અ.વ.)ના ઉપર જે સલવાત મોકલવામાં આવે છે,તો આલથી મુરાદ જ.ફાતેમાહ (સ.અ.) અને બાર ઇમામ છે.મતલબ એ કે ચઉદે માઅસુમ (અ.મુ.સ.) ઉપર સલવાત પડાય છે અને જે કોઇ ઝોહર અને અસરની નમાઝ વચ્ચે સલવાત પડે તો સીત્તેર રકાત નમાઝ પડવાની બરાબર છે.

કફઅમી એ એજ હઝરતથી રીવાયત કરી છે કે જે મોઅમિન સુબ્હ અને ઝોહરની નમાઝ પછી આ પ્રમાણે સલવાત પડે કે - ''અલ્લાહુમ્મ સલ્લેઅલા મોહમ્મદિન વઆલે મોહમ્મદ વઅજજીલ ફરજહુમ'' તો તે શખ્સ એટલે સુધી નહીં મરે કે જયાં સુધી બારમા ઇમામ (અ.સ.) ના દીદાર ન કરી લીયે.

(સવાબે સલવાત)

## પ્રકરણ - ૩૧

## ''એક અજીબ કબુતર...''

હ.અલી (અ.સ.) જતા હતા અને જ. સલમાન કહે છે કે હું પણ એ ત્યાં જોયું કે એ હઝરતની સાથે હતો, જયારે એક જંગલમાં પહોચ્યા ત્યાં જોયું કે એ હઝરત આસમાન તરફ જોઇ રહયા છે અને ઝબાન મુબારકથી વખાણ અને તાઅરીફના શબ્દો નીકળી રહયા છે, તેથી મેં આસમાન તરફ જોયું તો કોઇ ચીજ જોવામાં આવી નહીં, તેથી મેં અરઝ કરી કે યા મઝહરલ અજાએબ આપની ઝબાન મુબારકથી આ મદહા અને તાઅરીફના શબ્દો કોના માટે નીકળી રહયા છે? હઝરતે ફરમાવ્યું હું જેના વખાણ કરૂ છું, તેને તમો જોવા ચાહો છો? મેં અરજ કરી કે મારા માબાપ આપ ઉપર ફીદા થાય મને બતાવો. તે વખતે હઝરતે આસમાન તરફ ઇશારો કર્યો. તેથી એક સફેદ પક્ષી કબુતર જેવું આવીને હઝરતના મુબારક હાથ ઉપર બેસી ગયું. તે વખતે એવું દેખાવા લાગ્યું કે જાણે હઝરતનું પાળેલુ છે!

હઝરત એ પક્ષીને પુછયું કે આ જંગલ બીયાબાનમાં દાણા પાણીનું નામ નિશાન નથી ત્યારે તું અહીંયા કયાંથી રોઝી મેળવે છે? તેણે જવાબ આપ્યો કે જયારે મને તરસ લાગે છે ત્યારે હું આપના દુશ્મનો ઉપર લાઅનત કરૂ છું. તેથી ખુદાની કુદરતથી હું તૃપ્ત થઇ જાઉં છું અને જયારે મને ભુખ લાગે છે ત્યારે હું સલવાત  પડું છું, તેથી હું સચર થઇ જાઉં છું.(સવાબે સલવાત)

### પ્રકરણ - ૩૨

### ''સલવાતની બરકતથી ખઝાનો મળ્યો...''

એક મોઅમીન દીનદારઅને નાદાર હતો, તેણે એક રાત્રે સ્વપ્નામાં જોયું કે ચોથું આસમાન છે, અને ત્યાં એક નુરની ખુરશી રાખેલી છે, તેની ઉપર એક બુઝુર્ગવાર નુરાની સુરત બીરાજેલા છે, અને તેની અતરાફમાં ઘણા આલીમો, મલાએકાઓ ઉભેલા છે. એક ફરીશ્તા પાસે ગયો અને તેને પુછયું કે આ નુરાની ખુરશી ઉપર કોણ બેઠેલા છે?

ફરીશ્તાએ કહ્યું કે એ નુરની ખુરશી ઉપર હ. મોહમ્મદે મુસ્તફા (અ.સ.વ.) બીરાજેલ છે અને આ તેમની અતરાફમાં પયગમ્બરો ઉભા છે અને બીજા મલાએકા છે, એ સાંભળી એ શખ્સ કહે છે કે મેં ગરીબીની શીકાયત કરી કે યા હઝરત કોઇ એવી દોઆ તઅલીમ ફરમાવો કે તેની બરકતથી ખુદાએ તઆલા આસમાનથી રોઝી અતા ફરમાવે.

હઝરતે ફરમાવ્યું મારી તથા મારી આલ ઉપર તું દોરૂદ મોકલ્યા કર, આમ ફરમાવ્યું ત્યાં મારી આંખ ઉઘડી ગઇ હું હંમેશા રાત અને દિવસ સલવાત જ પડવામાં મશગુલ થયો. કેટલાક દીવસ પછી હું એક જંગલમાં ગયો, સખત ગરમી લાગવાથી એક ઝાડના છાંયામાં બેસી ગયો અને એક સાંઠીકુ લઇ ઝમીનની માટી ખોદવા લાગ્યો ત્યાં મને ઠામનું ઢાકણું દેખાણું તેથી એ ઢાંકણોને ઉંચુ કર્યું તો જોયું કે એક ઠામમાં તે ઝમાનાનું સોના રૂપાનું ચલણ છે.તેથી મે એ ઠામ કાઢીને લઇ જવા ચાહ્યુ. એટલામાં મને યાદ આવ્યું કે એ હઝરત પાસે મેં આસમાનથી રોઝી મળવાની અરજ કરી હતી અને એ હઝરતે વાયદો ફરમાવ્યો હતો, આતો ઝમીનમાંથી રોઝી

મળી છે તે કેમ લેવાય? મેં દફનાવી દીધું અને ઘરે ચાલ્યો ગયો અને તમામ હાલ મારી સ્ત્રીને બયાન કર્યો.

એ વાત અમારા એક પાડોશીએ પણ સાંભળી અને તે જાતનો યહુદી હતો, તેથી તે જલ્દીથી એ ઝાડની નીચે ગયો, નાણાનું ઠામ ખોદીને લાવ્યો, જયારે એ ઠામનું ઢાંકણું ખોલ્યું તો દીરહમ અને દીનારને બદલે એમાં તો સાંપ અને વીછું ભરેલા જોયા. તેથી તે સમજયો કે નાણું કોઇ મુકે નહીં, પણ આ મુસલમાન પાડોશીએ મને હલાક કરવા આ યુકિત રચી લાગે છે, માટે હવે તેને તેની સજાએ પહોંચાડવો જોઇએ અને તેણે એ ઠામ અમારા છાપરા ઉપર સાંપ વીછુ અંદર પડે એવી રીતે ઉંધુ વાળી દીધું. સાંપ વીછુના બદલે સોના અને રૂપાનું નાણું થઇ ગયું દોરૂદની બરકતથી હું માલદાર બની ગયો.આ વાત જોઇને તે યહુદી મુસલમાન થઇ ગયો.(સવાબે સલવાત)

## પ્રકરણ - ૩૩

## ''તકવા...''

ગુનાહોથી દૂર રહેવુ દિલનાં માટે તંદુરસ્તી છે અને નફસની બિમારીઓની શફા આપનારી દવા તકવા છે. તકવા દિલનાં અંધકારને રોશની આપે છે. નફસને બુરાઇઓથી પાક કરે છે.(રસુલે ખુદા સ.અ.વ.)

મોહમ્મદ અને આલે મોહમ્મદ (અ.મુ.સ.) પર સલવાત મોકલીને તવસ્સુલ કરો અને દિલને ગુનાહોની ગંદકીથી પાક કરો.

જેમાં તકવા અને પરહેઝગારી ઓછી છે, તેનું દિલ મુર્દા થઇ જાય છે. જેનું દિલ મુર્દા હશે,તે જહન્નમમાં દાખલ થશે. તકવા ઇન્સાનની મજબુત પનાહગાહ છે.

અલી (અ.સ.) ફરમાવે છે, ''બુરા અને ફસાદ કરનારા લોકો સાથે જીંદગી પસાર કરવાથી પરહેઝ કરો (દૂર રહો) એટલા માટે કે ખરાબ દોસ્તો આગની જેવા હોય છે, તેની નજદીક જનારને તે સળગાવી દે છે.'' (ફઝાએલે સલવાત વ મુશ્કેલાતકા હલ પે.૮૨)

## પ્રકરણ - ૩૪

## ''સલવાત પઢવાના ફાયદા...''

(૧) ૧૦૦ સલવાતનાં બદલામાં ૧૦૦ હાજતો પુરી થાય છે.

(૨) બલંદ અવાજે સલવાત પઢવાથી નિફાક દૂર થાય છે.

(૩) અમલોની પાકીઝગીનું કારણ છે.

(૪) એક વખત સલવાત પઢે તો ખુદાવંદે આલમ રહમત અને માફીનો દરવાજો ખોલી દે છે.

(૫) ગરીબી અને તંગદસ્તી દૂર થાય છે.

(૬) દુશ્મન અને શયતાન ઝલીલ થાય છે.

(૭) ખોવાયેલી વસ્તુ મળી જાય છે.

(૮) સલવાત પઢનાર પર ખુદા તઆલા અને ફરિશ્તા સલવાત મોકલે છે.

(ફઝાએલે સલવાત વ મુશ્કીલાત કા હલ પે.૭૪-૭૫)

## પ્રકરણ -૩૭

## ''અઉઝો બિલ્લાહનો સવાબ...''

હઝરત રસુલેખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું કે જયારે બંદે મોઅમીન અઉઝો બિલ્લાહે મેનરશ્શયતાનીર રજીમ કહે છે, તો તેના મોં માંથી નીકળેલા શબ્દો ઉપર એક વર્ષની ઇબાદતનો સવાબ લખવામાં આવે છે (લઆલીયુલ અખ્બાર વો.૪ પેજ.૨૯).

તેનાથી ઇન્સાન શયતાનનાં વસવસાથી મહેફુઝ રહે છે.

અઉઝોબિલ્લાહ પછી ફૌરન બીસ્મીલ્લાહ કહે. હઝરત સાદિકે આલે મોહમ્મદ ઇ.સાદીક (અ.સ.) થી રિવાયત છે કે શયતાન કહે છે કે પાંચ પ્રકારનાં લોકો મારા મકરો ફરેબથી મહફુઝ રહી શકે છે. આ લોકો પર મારૂ કાંઇ નથી ચાલતુ.(૧) જે અલ્લાહ ઉપર ભરોસો રાખે, સચ્ચાઇ અને ખુલુસની સાથે પોતાના કાર્યોને અલ્લાહના હવાલે કરી દેય. (૨) જે રાત દિવસ વધારે તસ્બીહે ઇલાહી બજાવી લાવે. (૩) જે મુસીબતમાં ગભરાઇને બીજાને તેની ફરિયાદ ન કરે (૪) જે પોતાને પસંદ ચીજ બીરાદરે મોઅમીન માટે પસંદ કરે.(૫) જે તકસીમે રીઝકે ઇલાહીમાં રાજી રહે. (કિતાબે ખેસાલ વો.૪ પે.૨૨૭).

## પ્રકરણ -૩૮

## ''નમાઝે શબ અને બાગે જન્નત...''

ઇમામ જઅફરે સાદીક (અ.સ.) થી રિવાયત કરવામાં આવી છે કે નમાઝે શબથી ચેહરો નુરાની થાય છે. નમાઝે શબ બજાવી લાનાર સારા અખ્લાક ધરાવનારો થઇ જાય છે, અને આંખોમાં બશારત (રોશની) વધારે હોય છે. અને હઝરત ફરમાવે છે કે જુઠો છે એ માણસ કે જે ગુમાન કરે છે કે હું નમાઝે શબ પઢું છું અને તો પણ ગરીબ છું કારણ કે નમાઝે શબ દિવસના રિઝકની જામીન છે.

હઝરત મુસા (અ.સ.)ને ખુદાવંદે આલમે વહી કરી કે અય મુસા (અ.સ.) રાતનાં અંધકારમાં મને યાદ કરો તો હું તમારી કબ્રને જન્નતનો બાગ બનાવી દઇશ.(સફીનતુલ બેહાર વો.૨ પેજ.૪૬).

તે ઘર જેમાં નમાઝે શબ પઢવામાં આવતી હોય, તિલવાતે કિતાબે ઇલાહી થતી હોય તો તે ઘર નુરાની થઇ થાય છે.જે રીતે સીતારો આસમાન પર જમીન વાળા માટે ચમકે છે તે જ રીતે આ ઘર આસમાન વાળાઓ માટે ચમકે છે. આ નમાઝે શબની બરકતથી જનાબે ઇબ્રાહીમ ખલીલુલ્લાહ બન્યા. માલ અને ઔલાદ જે રીતે એહલે દુનિયા માટે ઝિનત છે, તે જ રીતે નમાઝે શબ એહલે આખેરત માટે ઝિનત છે.(લઆલીઅુલ અખ્બાર વો.૪ પે.૬૪)

નમાઝે શબ પઢનાર હસીન અને નુરાની હોય છે. નમાઝે શબની પાબંદી જીસ્મ માટે શિફા છે. અને બિમારીઓને દુર કરે છે. નમાઝ ગુજાર માટે ખુશી અને આનંદ બને છે અને બુરાઇઓથી બચાવે છે. (લઆલીયુલ અખ્બાર વો.૪ પે.૬૭)

## પ્રકરણ - ૩૯

## ''સવાબે વુઝુઅ અને વુઝુના ફાયદા...''

હઝરત અબુલ હસન ઇમામ મુસાબીન જઅફર (અ.સ.) ફરમાવે છે, કે જે શખ્સ નમાઝે મગરીબ માટે વુઝુ કરે છે, તો તે વુઝુ દિવસના તમામ ગુનાહે સગીરાનો કફફારો બની જાય છે. અને જે શખ્સ નમાઝે સુબ્હ માટે વુઝુઅ કરે છે, તો આ વુઝુઅ રાતના તમામ ગુનાહે સગીરાનો કફફારો બની જાય છે. (મનલા યહઝરૂલ ફકીહ વો.૧ / પે.૩૧)

અને શયતાન હમેશા મોઅમીનોની સાથે જંગ કરતો રહે છે. તેથી મોઅમીનને જોઇએ કે તે શયતાનને પોતાનાથી દુર રાખવા દરેક સમયે બાવુઝુ રહે, કારણ કે વુઝુ મોઅમીનનું હથિયાર છે અને આ હથિયારથી શયતાન ભાગી થાય છે. હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ એક યહુદી સાથે લાંબી વાતચીત દરમિયાન ફરમાવ્યું કે જયારે વુઝુઅ માટે પાણીને ઉપયોગ કરવામાં આવે તો તેનાથી શયતાન દુર થઇ જાય છે.(મુસ્તદરકુલ વસાએ લુશ્શીઆ ભાગ-૧પે.૪૪ હદીસ નં.૯)

વુઝુઅથી ઇન્સાનની હાજત પુરી થાય છે. આયુષ્યમાં વધારો થાય છે. રિઝકમાં વધારો થાય છે. શહાદતનો દરજજો હાંસીલ થાય છે. ઇમામ જઅફરે સાદિક અ.સ. ફરમાવે છે, કે મને નવાઇ લાગે છે એવા શખ્સથી જે પોતાની હાજત માટે નીકળે અને તે શખ્સ બાવુઝુ હોય અને તેની હાજત પુરી ન થાય (વસ્સાએ લુશ્શીયા વો. પે.૪૯ હદીસ - ૨)

સરકારે દોઆલમ ફરમાવે છે કે અય ઇન્સાનો મોટા ભાગનો સમય તહારત એટલે કે વુઝુઅની સાથે રહયા કરો, કારણે અલ્લાહ (ત.) તેનાથી આયુષ્ય લાંબી કરે છે. અને અય ઇન્સાનો અગર રાત દિવસ વુઝુઅની સાથે રહી શકો તો એ પ્રમાણે જરૂર કરો. કારણે આ હાલતમાં અગર તમે મૃત્યુ પામ્યા તો શહાદતનો દરજજો મળશે. (વસ્સાએલુશ્શીયા ભાગ-૧ પેજ.પ હદીસ -૩)

## પ્રકરણ - ૪૦

### ''કોઇ નાનકડી વાતને પણ હકીર ન સમજો...''

મરહુમ હાજી શૈખ અબ્બાસે કુમ્મી (અ.ર.)તેઓની કિતાબ 'મનાઝેલુલ આખેરત'માં લખે છેકે : ઇબ્ને સુમ્મહ નામનો એક માણસ હંમેશા દિવસ રાત હરઘડી પોતાના નફસનો હિસાબ કરતો રહેતો હતો. એક દિવસ તે પોતાની પસાર થએલી ઉમરના વીતી ગએલા દિવસોનો હિસાબ કરી રહયો હતો ત્યારે તેને એ વાતની જાણકારી થઇ કે તેની આયુષ્યના સાંઠ (૬૦) વર્ષ પસાર થઇ ગયા છે. જયારે તેણે પોતાના સાંઠ (૬૦) વરસના દિવસોનો હિસાબ કર્યો ત્યારે તેને એ વાત જાણવા મળી કે તેની જિંદગીના એકવીસ હજાર પાંચસો (૨૧,૫૦૦) દિવસ વીતી ગયા છે. તે કહેવા લાગ્યો, મારી ઉપર અફસોસ થાય, જો મેં આ દિવસોમાં દરરોજ એકથી વધારે ગુનાહ ન પણ કર્યા હોય તો પણ હું એકવીસ હજાર પાંચસો (૨૧,૫૦૦) ગુનાહો સાથે ખુદા સાથે મુલાકાત કરીશ. આમ કહેતાની સાથે જ તે બેહોશ પડી ગયો અને તે બેહોશીની હાલતમાં જ મૃત્યું પામ્યો.

રીવાયતમાં છે કે, એક વખત હ.રસુલે ખુદા (સ.અ.વ.) એ રણમાં એક એવી જગ્યાએ પડાવ નાખ્યો,જયાં દૂર દૂર સુધી કોઇ લીલાતરીનું નામોનિશાન ન હતું. આપે (સ.અ.વ.)એ આપના અસહાબોને ફરમાવ્યું, ''જાઓ, લાકડીઓ વીણી લાવો.'' બધાએ કહયું, ''આ વખતે આ રણમાં એક લાકડી પણ મળી શકે તેમ નથી.'' આપે (સ.અ.વ.) ફરમાવ્યું, ''જે માણસને જે કાંઇ મળ્યું તે (તણખલા વગેરે) શોધી લાવ્યા અને પયગમ્બર (સ.અ.વ.) ની સામે ભેગા કરતા રહયા.જયારે બધા સહાબી લાકડીઓ વગેરે ભેગું કરીને લાવ્યા ત્યારે પયગમ્બરે (સ.અ.વ.) ફરમાવ્યું કે, ''ગુનાહો પણ આવી જ રીતે ભેગા થાય છે.'' આથી જાણવા મળે છે કે, પયગમ્બરે (સ.અ.વ.) લાકડીઓ ભેગી કરવાનો હુકમ એ માટે આપ્યો હતો કે અસહાબ એ હકીકતથી પરિચિત થઇ જાય કે, એ વખતે બાહય રીતે એમ લાગતું હતું કે આ રણમાં એક પણ લાકડી નથી, પરંતુ જયારે કોશિષ કરવામાં આવી તો લાકડીઓનો એક ઢગલો ભેગો થઇ ગયો. તેવી જ રીતે બાહય (પહેલી) દ્રષ્ટિએ ગુનાહ દેખાતા નથી. પરંતુ જયારે હિસાબ કરવામાં આવે ત્યારે ખબર પડે છે કે, ગુનાહોનો મોટો જથ્થો ભેગો થઇ ગયો છે.

ઉપરના પ્રસંગથી સ્પષ્ટ થાય છે કે, તમામ સમામાએ તેના જીવનના એક દિવસના એક લેખે ગુનાહ કર્યા હોવાનું માનીને હિસાબ કર્યો ત્યારે તેને ખબર પડીકે, તેના નામએ આમાલમાં એકવીસ હજાર પાંચસો (૨૧,૫૦૦) ગુનાહ ભેગા થઇ ગયા હતા.

કત્રૂન અલા કત્રીન નહરૂન અલાનહરીન બહરૂન (સઅદી)

''ટીપું ટીપું ભેગુ થઇને દરિયો બની જાય છે અને દરિયામાં દરિયો ભળે તો સુમદ્ર થઇ જાય છે.''(ગુનાહે કબીરા ભાગ ૩ પે.૪૦૭,૪૦૮)

## પ્રકરણ - ૪૧

## ''તૌબા કરવાનો અમલ...''

હ.ઇમામ જાઅફર સાદીક (અ.સ.) ફરમાવે છે : ''જે બંદો ગુનાહ કરે અને પછી ઉઠીને તહારત (વઝુ) કરે અને બે રકાત નમાઝ બજાવી લાવે અને પછી ખુદા પાસે મગફેરત ચાહે તેની તૌબા કબૂલ કરવાની જવાબદારી અલ્લાહની છે. કારણ કે, ખુદાએ પોતે જ તેનો વાયદો કર્યો છે, જે કોઇ ખરાબ કર્યો કરે અથવા તે પોતાની ઝાત ઉપર ઝુલ્મ ઉપર ઝુલ્મ કરે અને તે પછી ઇસ્તીગફાર કરે તો ખુદા મહાન કૃપાળુ છે અને તેની હાલત ઉપર રહેમ કરનાર છે'' (વસાએલુશ્શીયા, કિતાબે જેહાદ, પ્રકરણ ૮૮, ભાગ :- ૧૧, પાના નં.૩૬૩)

કિતાબે 'ઇકબાલ' (કફઅમી)માં ઝીલ્કઅદ માસના આમાલના અનુસધાનમાં લખવામાં આવ્યું છે કે, હ.રસુલ. અકરમે (સ.અ.વ.) ઝીલ્કઅદ મહીનામાં રવીવારના દિવસે અસહાબોને ફરમાવ્યું : '' અય લોકો તમારામાંથી કોણ તૌબા કરવા માંગે છો? '' લોકોએ જવાબ આપ્યો, ''અય રસુલે ખુદા (સ.અ.વ.), અમે બધા તૌબા કરવા માંગીએ છીએ.''

પછી આપે (સ.અ.વ.) ઇરશાદ ફરમાવ્યું, ''બધા ગુસ્લ કરીને વઝુ કરવાની વ્યવસ્થા કરો. પછી ચાર રકાત નમાઝ એવી રીતે બજાવી લાવો કે દરેક રકાતમાં સુરએ હમ્દ પછી ત્રણ વખત સુરએ તૌહીદ (સુરએ કુલ હોવલ્લાહ) અને એક વખત સુરએ મઅ્ઝતૈન (સુરએ કુલ અઉઝો બે રબ્બીલ ફલક અને સુરએ કુલ અઉઝો બે રબ્બીન્નાસ) પડવામાં આવે. ત્યાર પછી સીતેર વખત ઇસ્તીગફાર કરો અને પછી આ પ્રમાણે પડો, લા હવ્લ વલા કુવ્વત ઇલ્લા બિલ્લાહીલ અલીય્યીલ અઝીમ.'' ત્યાર પછી આપે એક નાનકડી દુવા પડવાની

તાલીમ આપી. જે દુઆ આ પ્રમાણે આ પ્રમાણે છે : ''યા અઝીઝો ગફ્ફારો ઇગ્ફીર ઝોનુબી વ ઝોનુબ જમીઇલ મુઅમેનીન ફ ઇન્નહુ લા યગ્ફેરૂઝ ઝોનુબ ઇલ્લા અન્ત''.

પછી ફરમાવ્યું, ''મારી ઉમ્મતમાંથી જો કોઇ આના ઉપર અમલ કરશે તો આસમાનમાંથી આ પ્રમાણે અવાજ બુલંદ થશે કે તારી તૌબા કબૂલ કરી અને તારા ગુનાહ માફ કરી દેવામાં આવ્યા. અર્શે ઇલાહી પરથી એક ફરિશ્તો અવાજ બુલંદ કરશે કે તારી ઉપર,તારી ઔલાદ ઉપર અને તારા અહેલો અયાલ ઉપર ખુદાની રહેમત (થાય.) એક ફરિશ્તો અવાજ આપશે કે અય મોઅમીન બંદા, તારી કબ્ર વિશાળ અને પ્રકાશિત થશે અને એક ફરિશ્તો કહેશે, તારા માં - બાપ તારાથી રાજી થાય અને તારા અમલ (તૌબા) ના કારણે રહેમત અને મગ્ફેરતે ખુદા તેઓની અને તારી ઔલાદ ઉપર થાય અને દુનિયા તથા આખેરતમાં તારા રીઝકમાં વધારો થાય. ફરિશ્તા જીબ્રઇલે અમીન અ.કહેશે કે, તારી મૌત વખતે ઇઝરાઇલની સાથે આવીને હું તારી શીફારીશ કરી કે તારી રૂહને હળવેથી કબ્ઝ કરે.

અસહાબે અર્ઝ કરી, યા રસુલલ્લાહ (સ.અ.વ.), ''જો કોઇ આ અમલને તેના ખાસ દિવસ સિવાય બીજા કોઇ સમયે બજાવી લાવે તો તેના માટે શું હુકમ છે?'' આપે (સ.અ.વ.) ફરમાવ્યું : ''મેં જે વિગત બયાન કરી તે પ્રમાણે થશે. મેં તમને લોકોને જે વાત કરી છે, તે વાત જીબ્રઇલે મને મેઅરાજની રાતે બતાવી હતી.''(ગુનાહેકબીરા ભાગ ૩ પે.૩૮૪,૩૮૫)

## પ્રકરણ - ૪૨

## ''જૂઠાઓ પર સખત અઝાબ ...''

જુઠ્ઠુ બોલનારા ઉપર ખાસ પ્રકારનો અઝાબ નાઝીલ થાય છે. આકાએ રાવન્દીની કિતાબ દઅવાતમાં આ વિષય પરની એક લાંબી હદીસે નબવી (સ.) મૌજુદ છે. જેમાં આ હઝરત (સ.) એ શબે મએરાજના આંખે દેખ્યા અહેવાલનું વર્ણન કર્યુ છે.

હઝરત રસુલે ખુદા (સ.) ફરમાવે છે કે : મૈં એક માણસને જોયો જે સીધો સુતો હતો અને બીજો એક માણસ તેના માથા ઉપર ઉભો હતો. ઉભેલા માણસના હાથમાં એક અણીદાર લોઢાનો ડંડો હતો, જેનાથી તે સુતેલા માણસને સતત ઝખ્મી કર્યા કરતો હતો. સૂતેલા માણસનું શરીર માથાથી ગરદન સુધી ટૂકડે થઇ જતુ હતું. તેના માથા ઉપર ઉભેલા માણસ

તેના ડંડાને બીજીવાર ઉગામતો હતો. એટલીવારમાં તે માણસનું શરીર સરખુ થઇ જતું હતું. તેને સતત એ રીતે અઝાબ આપવામાં હતો.

આપ હઝરત સલ્લલ્લાહો અલયહે વ આલેહી ફરમાવે છે કે મેં પુછયુ : આને કયા કારણસર અઝાબ આપવામાં છે?

જવાબ મળયો કે : આ માણસ સવારે જયારે તેના ઘરેથી બહાર નીકળતો હતો ત્યારે એવું જૂઠ બોલતો હતો,જેના કારણે દુનિયાના લોકોને નુકશાન થતુ હતું. તેથી આ માણસને (તેના મર્યા પછીથી) કયામત સુધી આવો જ અઝાબ થતો રહેશે.''

જૂઠો માણસ નમાઝે શબ (પડવા)થી વંચિત રહે છે અને સ્વાભાવિક રીતે તે નમાઝે શબથી થતી બરકતથી પણ વંચિત રહે છે. નમાઝે શબની એક બરકત રોઝીમાં થતી બરકત પણ છે. શરીફી, હઝરત જાફર સાદિક અલયસિહસ્સલામની રિવાયત નોંધે છે કે બેશક, જૂઠાબોલા માણસને નમાઝે- શબની તૌફીક મળતી નથી અને નમાઝે શબની તૌફીક નહીં મળવાના કારણે તેને રોઝીમાં બરકત થતી નથી. (બહેરૂલ અન્વાર)

જૂઠો માણસ ફકત દેખાવમાંજ ઇન્સાન હોય છે પણ આલમે બરઝખમાં તેનું માનવ સ્વરૂપ રહેતુ નથી. હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) હઝરતે ફાતેમતુઝ ઝહેરા સલામુલ્લાહે અલયહાને હદીસે મઅેરાજ વિશે માહિતગાર કરતા ફરમાવ્યું હતુ: શબે મેઅરાજ મેં એક એવી સ્ત્રીને જોઇ હતી જેનું મોઢું સુવ્વર (ભુંડ)ને મળતું આવતું હતું અને તેનું બાકીનું શરીર ગધેડા જેવુ હતું. તેનું કારણ એ હતું કે તે ફીત્ના (ટંટા-ફીસાદ) કર્યા કરતી હતી અને જૂઠુ બોલતી હતી. (કિતાબે આયુને અખબારે રેઝા).

# પ્રકરણ - ૪૩

## ''કર્ઝ અદા કરો...''

બેહારૂલ અન્વાર ના પાના નં.૨૩૫ ઉપર જનાબ સૈયદ હસન બિન સૈયદ અલી ઈસ્ફહાનીના હવાલાથી નોંધવામાં આવ્યું છે કે,''હું નજફે અશરફમાં દિની તાલીમ મેળવવામાં વ્યસ્ત હતો અને મારા પિતાજીનાં કામોની જવાબદારી મારા કેટલાક ભાઇઓના શીરે આવી પડી હતી જેના વિષે મને કાંઇ માહિતી ન હતી. મારા પિતાજીના ઇન્તેકાલના સાત મહિના પછી મારી માતાનો પણ ઈસ્ફહાનમાં ઇન્તેકાલ થઇ ગયો અને તેમના મૈયતને નજફે-અશરફ લાવવામાં આવ્યું.

તે જ દિવસોમાં એક રાતે મેં મારા પિતાને સ્વપ્નમાં જોયા. મેં કહ્યું કે આપનો ઇન્તેકાલ તો ઈસ્ફહાનમાં થયો છે આપ નજફે અશરફમાં છો એ કેવી રીતે બન્યું? તેઓ એ કહ્યું કે મારા ઇન્તેકાલ પછી મને અહીં એક જગ્યા મળી છે. મેં પૂછયું કે 'મારી માતા પણ આપની સાથે છે?' મારા પિતાએ જવાબ આપ્યો કે તેણી નજફે અશરફમાંજ છે, પણ બીજા મકાનમાં છે. હું સમજી ગયો કે મારી માતાને મારા પિતા જેટલો દરજજો મળ્યો નથી.મેં મારા પિતાને પૂછયું કે 'આપની હાલત કેવી છે?' ત્યારે તેઓ એ જવાબ આપ્યો કે, અત્યાર સુધી તો હું બહુજ સખ્તી અને મુશ્કેલીમાં હતો પણ હવે ખુદાનો શુક્ર છે કે મને આરામ છે. મેં આશ્ચર્ય વ્યકત કરતા કહ્યું કે 'આપ જેવા (નેક) માણસ મુશ્કેલીમાં કેમ હોઇ શકે? ત્યારે તેઓએ કહ્યુ : તેનું કારણ એ છે, કે 'આકા બાબા' જે ઓ નાલબંદના નામથી વિખ્યતા છે, તેમના પુત્ર હાજી રઝાનું મારી ઉપર કર્ઝ હતું અને મારી પાસે તે કર્ઝ પાછુ માગી રહ્યો હતો. પરંતુ હું તેનું કર્ઝ ભરપાઇ કરી ન શકયો અને તે કર્ઝ ચૂકવ્યા વગર જ મારો ઇન્તેકાલ થઇ જતા હું મુશ્કેલીઓને સામનો કરી રહ્યો હતો.

આ વાત સાંભળીને હું ગભરાઇ ગયો અને તે ગભરામણથી મારી આંખ ખૂલી ગઇ. ત્યાર પછી મેં મારા ભાઇ જે મારા પિતાના વારસદાર હતા. તેમને મારા સ્વપ્ના વિશે પત્ર લખ્યો જેથી તેઓ,એ વાતની ખાત્રી કરે કે મારા પિતા ઉપર એવા કોઇ માણસનું કર્ઝ હતું કે કેમ? મારા ભાઇએ જવાબમાં લખ્યું કે : મેં બધાજ હિસાબ કિતાબ જોઇ લીધેલ છે, પણ એવા કોઇ માણસનું નામ કર્ઝના બાકીદારોની યાદીમાં નથી. મેં મારા ભાઇને ફરીથી પત્રમાં લખ્યું કે એ

નામનાં માણસને શોધીને તેમને જ પુછો કે આપણા પિતાજી તેમના દેવાદાર હતા? તેઓએ જવાબમાં લખ્યું કે તે માણસને પૂછતા તેણે જણાવ્યું કે તમારા પિતા મારા અઢાર તુમાન (ઇરાની ચલણી નાણું) ના કર્ઝદાર હતા. આ વાતને ખુદા સીવાય કોઇ જાણતુ ન હતું.

મે તમને પુછયું, મારૂં નામ તમારા પિતાજીના કર્ઝ આપનારાઓની યાદીમાં છે? ત્યારે તમે જવાબ આપ્યો હતો કે તમારૂ નામ મરહુમની એ યાદીમાં નથી. મારી પાસે કર્ઝ આપવા અંગેનો કોઇ આધાર પુરાવો ન હતો અને મારી પાસે મેં તમારા પિતાને કર્ઝ આપ્યું હોવાની કોઇ સાબિતિ પણ ન હતી. તેથી હું એ બાબત વિશે નિરાશ થયો કે, તમારા પિતાએ મેં આપેલા કર્ઝની વિગત પોતાની યાદીમાં શા માટે નહીં લખી હોય?

મારા ભાઇએ પત્રમાં લખ્યું હતું કે : મેં તેમને કર્ઝની રકમ પાછી આપવાનો પ્રયત્ન કર્યો પણ તેમણે તે રકમ પાછી લેવાનો ઇન્કાર કરતા કહ્યું કે, 'હું તે રકમ  મરહુમને બક્ષી આપું છું.(ગુનાહે કબીરા ભાગ ૩ પે.૨૦૨,૨૦૩)

## પ્રકરણ - ૪૪

## ''પાંચ સમુહ અને જહન્નમનો અઝાબ...''

પયગમ્બરે અકરમ (સ.અ.વ.) ફરમાવે છે કે,''જયારે કયામત બરપા થશે ત્યારે વીંછી જેવું એક જાનવર દોઝખની બહાર આવશે. તેની માથું સાતમા આસમાન ઉપર, તેની પૂંછડી જમીન ઉપર અને તેનું મુખ પૂર્વથી પશ્ચિમ સુધી હશે. તે જાનવર કહેતું હશે કે, તે લોકો કયાં છે, જે ખુદા અને તેના રસુલ (સ.અ.વ.) સાથે જંગ કરતા હતા? ત્યારે જીબ્રઇલ અમીન નાઝીલ થશે અને પૂછશે કે તારે કયા સમૂહની જરૂરત છે? ત્યારે તે કહેશે કે, પાંચ સમૂહની (૧) નમાઝ ન પડનારા (૨) ઝકાત ન આપનારા (૩) વ્યાજ ખાનારા (૪) શરાબ પીનારા અને (૫) એ લોકો જે મસ્જિદોમાં દુન્યાવી વાતો કરતા હતા. (એટલે કે મસ્જિદોમાં હરામ પ્રકારની વાતચીત કરનારા). જેમ કે, મુસલમાનોની ગીબત કરવી,તેમના ઉપર તોહમત મૂકવી અથવા બાતિલ અમલમાં મૂકવો, ઝાલિમની પ્રશંસા કરવી, કોઇ એવા માણસના

વખાણ કરવા જે વખાણ કરવાને લાયક ન હોય અને એવાની ટીકા કરવી જે ટીકાને પાત્ર ન હોય વગેરે. (લોઆલીયુલ અખબાર).

આપે આ પણ ફરમાવ્યું : '' જહન્નમમાં એક એવી ખીણ છે જેના અઝાબની તીવ્રતાથી જહન્નમીઓ દરરોજ સીત્તેર વખત ચીસ પાડે છે. તેમાં આગનું એક ઘર છે જે ઘરમાં આગનો એક કૂવો છે. તે કૂવામાં તાબૂત (પેટી) છે,જેમાં એક સાપ છે જેના એક હજાર માથા છે અને દરેક માથામાં એક હજાર મુખ છે અને તે દરેક મુખમાં એક હજાર ડંખ (ઝેરી કાંટો) છે. અને દરેક ડંખની લંબાઇ હજાર ગજ છે.'' તેણે કહયું : ''યા રસુલલ્લાહ (સ.અ.વ.) આ અઝાબ કોના માટે છે?'' ત્યારે આપ (સ.અ.વ.) ફરમાવ્યું : ''શરાબ પીનારા અને નમાઝ ન પડનારા માટે છે''.(ગુનાહે કબીરા ભાગ ૩ પે.૧૧૨,૧૧૩)

## પ્રકરણ - ૪૫

## ''બાકેયાતુસ્સાલેહાત (અનંત નેકી)...''

ખૈરાત જારીયહ અને લોકોના ફાયદા માટે માલ ખર્ચવો જેમકે, મસ્જિદ, મદ્રેસા, પુલ, જાહેર રસ્તા વગેરે બનાવવા અથવા વહેતા પાણીનું ઝરણું ખોદાવવું, અથવા દીની કિતાબો છપાવવી વગેરે એવા કામો છે, જેની અસર લાંબા સમય સુધી રહે છે અને તે કાર્યો કરનારને તેનો સવાબ સતત મળતો રહે છે.

મરહુમ હાજી નૂરી (રહ.) દારૂસ્સલામ નામની કિતાબમાં શેખ બુઝુર્ગવાર આલીમે રબ્બાની શેખ અબ્દુલહુસૈન (રહ.) તેહરાનીના હવાલાથી નોંધે છે કે, તેઓએ ફરમાવ્યું કે, મીરઝા નબી ખાન, જે મહેમૂદશાહ કાજારના ખાસ માણસોમાંથી હતા. જયારે તેઓને ઇન્તેકાલ થઇ ગયો ત્યારે તે પોતાના ફીસ્કો ફુજૂર (નિરર્થક કાર્યો અને દુરાચાર) માટે પ્રખ્યાત હતા.

એક રાતે મને સ્વપ્ન આવ્યું કે હું બેહીશ્તના બાગો અને ઇમારતોમાં ફરી રહયો છું. એક માણસ મારી સાથે સાથે ચાલી રહયો છે. જે મને બેહીશ્તના મહેલો અને ઇમારતો દેખાડી રહયો છે. હું એક જગ્યાએ અટકી ગયો. ત્યાં તેણે મને કહયું કે આ મીરઝા નબીખાનનો મહેલ છે. જો તમે તેનો મહેલ જોવા માંગતા હો તો તે ત્યાં બેઠો છે. તે માણસે એક જગ્યા તરફ ઇશારો

કરીને મને એ જગ્યા દેખાડી. મેં ધ્યાનપૂર્વક જોયું તો એક માણસ એકલો એક મોટા હોલમાં બેઠો હતો. તેણે જયારે મને જોયો ત્યારે મારી તરફ ઇશારો કર્યો કે ઉપર આવી જાઓ. હું તેની પાસે પહોંચ્યો ત્યારે તેણે ઉભા થઇને મને સલામ કરી અને મને મુખ્ય સ્થાને બેસાડયો અને પોતે દુનિયામાં જે રીતે બેસતો હતો તેવી જ રીતે બેસી ગયો. તેને બેહીશ્તમાં એ સ્થાને જોઇને મને અનહદ આશ્ચર્ય અને પરેશાની થઇ.

તેણે મારી સામે જોઇને કહયું : શેખ, તેમ મારૂં આ સ્થાન જોઇને આશ્ચર્યમાં ડૂબી ગયા કારણ કે, દુનિયામાં મારા કાર્યો ઘણાં ખરાબ અને અઝાબને પાત્ર બને તેવા હતા. હકીકતમાં એમ જ હતું. પરંતુ તાલકાનની સરજમીનમાં મારી મીઠાની એક ખાણ હતી જેના ભાડાની રકમ હું દર વરસે મજલીસે અઝાના આયોજન માટે તાલકાનથી નજફે અશરફ મોકલી આપતો હતો. ખુદાવંદે આલમે મારા એ કાર્યના બદલામાં મને અહીં આ મહેલ આપ્યો છે.

શેખ મરહુમ (ર.અ.) કહે છે કે , એ આશ્ચર્યકારક સ્વપ્ન જોઇને હું જાગી ગયો. મેં મારા વર્ગના વિદ્યાર્થીઓ સમક્ષ મારા એ સ્વપ્નની વાતનું વર્ણન કર્યુ ત્યારે આલિમો ફાઝીલ મુલ્લા તાલકાનીના વંશજમાંથી એકે કહયું કે આપના સ્વપ્નની વાત સાચી છે. તેમની તાલકાનમાં નીમકની એક ખાણ હતી અને તેના ભાડાની રકમ લગભગ એકસો તુમાન હતી, તે રકમ દર વર્ષ તે નજફ અશરફ મોકલતો હતો અને મારા પિતાને તે રકમ મજલીસે હુસૈન (અ.સ.) ખર્ચ કરવા માટે નિયુકત કરવામાં આવ્યા હતા. મરહુમ શેખ ઉસ્તાદ ફરમાવે છે કે, એ સમય સુધી મને એ વાતની ખબર ન હતી કે તે માણસનો તાલકાન સાથે કોઇ સંબંધ છે અને તે દર વર્ષે નજફે અશરફમાં મજલીસે અઝાનું આયોજન (પોતાના તરફથી) કરાવે છે.

ઇમામ જાફર સાદીક (અ.સ.) ફરમાવે છે. કે :

‘‘ઇન્સાનને મરવા પછી ત્રણ વસ્તુઓ સિવાય બીજી કોઇ વસ્તુ ફાયદો પહોંચાડી શકતી નથી.

(૧) એવો સદકો જે (તેણે) દુનિયામાં આપ્યો હતો અને મર્યા પછી પણ તે ચાલુ રહે.

(૨) એવી સુન્નત જેનો તેણે પાયો નાખ્યો હોય (જેમ કે, અઝાન કહેવી) અને તેના મરવા પછી પણ તે સુન્નત ઉપર અમલ કરવામાં આવે.

(૩) સાલેહ (નેક) ફરઝંદ જે તેના માટે દુઆ અને ઈસ્તીગફાર કરે. (અને તેના વતી આમાલે ખૈર બજાવે જેનો ઉલ્લેખ બીજી રીવાયતોમાં કરવામાં આવ્યો છે)''(ગુનાહે કબીરા ભાગ ૩ પે.૧૬૬થી ૧૬૮)

પ્રકરણ - ૪૬

''અસહય અઝાબ...''

બીજી મહત્વની વાત એ છે કે, ગુનેહગાર પોતાના નાના ગુનાહ તરફ નજર ન કરે બલ્કે તેની નજર પોતાના રબની બુઝુર્ગી ઉપર રહેવી જોઇએ, જેના ગુનાહ કરવામાં આવ્યા છે અને સાથો સાથ એ વાત જાણી લેવી જોઇએ કે, તેનો અઝાબ એટલો સખ્ત અને તેનો કહર એટલો બધો તીવ્ર હશે કે આસમાન અને ઝમીનોમાં પણ તેને સહન કરવાની તાકત નહીં હોય, એ વિષે ખુદાવંદે કરીમ સુરએ મુઝમ્મીલમાં ફરમાવે છે.''બેશક,અમારી પાસે ભારે બેડીઓ પણ છે અને બાળી નાખનાર આગ પણ અને ગળામાં ફસાઇ જનાર ખાણું પણ. (જેને ગળી નહીં શકાય તે ઉલ્ટી કરીને કાઢી પણ નહીં શકાય) અને દુ:ખ દાયક અઝાબ પણ.'' (સુરએ મુઝમ્મીલ- ૭૩, આ :૧૨)

આ સિવાયના પણ કેટલાક દર્દનાક અઝાબ છે, જેને ખુદા સિવાય બીજું કોઇ જાણતુંનથી. ''બેશક, તારા પરવરદિગારની પકડ અત્યંત સખ્ત છે.'' (સુરએ બુરૂજ - ૮૫, આ : ૧૨)

કુર્આને મજીદની બેશુમાર આયતમાં અઝાબે ઇલાહીની તીવ્રતા અને તેના કહરની સખ્તાઇની દલીલ છે. તેથી ગુનાહ કરનાર માટે એ જરૂરી છે કે, જયાં સુધી તેને પોતાની જાત ગુનાહોથી પાક થઇ ગઇ હોવાની ખાત્રી ન થઇ જાય ત્યાં સુધી પોતાના ગુનાહો માટે સખ્ત શરમિંદો રહે અને ગુનાહની માફી માટે આહો ફરિયાદ તેમ જ રૂદન કરતો રહે અને ગુનાહો માફ થવાની ખાત્રી જયારે રહેમતના ફરિશ્તાઓ બશારત આપે ત્યારે જ થઇ શકે છે.

ગુનેહગારની શરમિંદગી, આહ અને ફરિયાદ જહન્નમની આગને ઠંડી કરી નાખે છે, કબ્રના અંધકારને પ્રકાશિત કરે છે, ગુનાહોની ગંદકીને ધોઇ નાખે છે અને તેની કેફીયત ગુનાહ કર્યો પહેલાની સ્થિતિ જેવી થઇ જાય છે. હ. રસુલે ખુદા (સ.અ.વ.) ફરમાવે છે. : ''ગુનાહોથી તૌબા કરનાર એ માણસ જેવો છે કે જેણે (જાણેકે) અગાઉ કદી ગુનાહ કર્યા જ ન હોય. (કાફી, ભાગ -૨, પા. નં.૪૩૫) કયારેક તો પહેલા કરતા પણ વધારે સારી હાલત થઇ

જાય છે. એટલે કે, ભય (ખુદાના) ખૌફ અને આહો બુકાની અસરથી તેને એટલી બધી સુધારણા નસીબ થાય છે, કે તે મહેબૂબે પરવરદિગાર બની જાય છે.‘‘ઇન્નલ્લાહા યોહીબ્બુત્તવ્વાબીન’’ ‘‘બેશક, ખુદાવંદે આલમ તૌબા કરનારાઓને દોસ્ત રાખે છે’’ (સુરએ બકરહ - ૨ : આ : ૨૨૨) (ગુનાહે કબીરા ભાગ ૩.)

:: સંદર્ભ પુસ્તકો ::


(૧) સવાબે સલવાત.

(૨) ફઝાએલ સલવાત ઔર મુશ્કેલાત કા હલ.

(૩) મદરસએ મૌલાએ કાએનાત અલી (અ.સ.) (૩૬૫ હદીસો).

(૪) શરહે સલવાત.

(૫) ફઝાએલે નમાઝે શબ.

(૬) ગુનાહે કબીરા ભાગ ૧,૨,૩.